હરિ : ૐ

# હરિ : ૐ આશ્રમનાં

# અને

# આશ્રમ–અર્પિત દાન-ટ્રસ્ટોનાં

# પ્રકાશનો

લેખક : ઇન્દુકુમાર દેસાઇ

હરિ : ૐ આશ્રમ પ્રકાશન



પૂજ્ય શ્રીમોટા

હરિ : ૐ

# હરિ : ૐ આશ્રમનાં

અને

# આશ્રમ–અર્પિત દાન-ટ્રસ્ટોનાં

# પ્રકાશનો

લેખક : ઇન્દુકુમાર દેસાઈ

હરિ : ૐ આશ્રમ પ્રકાશન

• **પ્રકાશક :**

હરિ : ૐ આશ્રમ, નડિયાદ–૩૮૭૦૦૧

• પાનાં : ૫+૪૫=૫૦

• **કિંમત રૂપિયા ૨=૦૦**

• પ્રત : ૧૨૫૦

• પ્રાપ્તિસ્થાન : (૧) હરિ : ૐ આશ્રમ
શેઢીનદી, નડિયાદ–૩૮૭ ૦૦૧

(૨) હરિ : ૐ આશ્રમ
કુરુક્ષેત્ર, રાંદેર, સુરત–૩૯૫ ૦૦૫

• મુદ્રક : ધી લાઈટ પબ્લિકેશન્સ પ્રા. લિ.
શ્રી ભાઈલાલ અમીન માર્ગ, વડોદરા–૩૯૦ ૦૦૩

# નિવેદન

હરિ: ૐ આશ્રમે પૂજ્ય શ્રીમોટાની પ્રેરણા અને પ્રત્યક્ષ હાજરીથી સમાજને બેઠો કરવાનો જે ભગીરથ પુરુષાર્થ આદર્યો તેનું એક અંગ પુસ્તકપ્રકાશનો પણ છે. કોઈ પણ પ્રજાની કિંમત એ કેવું સાહિત્ય વાંચે છે તેના પર રહે છે. વ્યક્તિના જીવનમાં પણ એ કેવું સાહિત્ય વાંચે છે તેના પરથી તેનો અંદાજ મેળવી શકાય છે. એટલે, પુસ્તકપ્રકાશનનું કાર્ય એ સમાજની પ્રગતિ માટેનું આવશ્યક સાધન છે.

આશ્રમે પોતે તો પોતાનાં પ્રકાશનો કર્યાં છે. મુખ્યત્વે એ પૂજ્ય શ્રીમોટા લિખિત પુસ્તકો જ છે. પરંતુ પૂજ્ય શ્રીમોટાએ પોતે દાન-ટ્રસ્ટો કરીને પ્રજામાં પ્રતિષ્ઠિત અને ઉચ્ચ મૂલ્યોનાં ધારણ અને સંવર્ધન માટે જાણીતી એવી સંસ્થાઓને આપ્યાં. આમ, સમાજના ખૂબ જ શક્તિશાળી વિભાગને આ કામમાં સતત જોતરી રાખી સમાજની અનુપમ સેવા કરવાની તક પૂરી પાડી.

આ બધાં દાન-ટ્રસ્ટો દ્વારા કયાં કયાં પ્રકાશનો થાય છે તે આશ્રમ સાથે સંકળાયેલ સ્વજનો, ભક્તો, મિત્રો અને પ્રશંસકોને સમગ્રતયા ખ્યાલ આવે એટલા માટે એમનામાંથી ઘણાની માંગ અનુસાર આ પ્રસ્તુત પુસ્તિકા તૈયાર કરવાનું બન્યું છે. આશા છે એને આવકાર મળશે.

જે જે સંસ્થાઓએ આ દાન-ટ્રસ્ટો સ્વીકારી પોતાનાં પ્રકાશન યથાશક્તિ કર્યાં છે તેવા તેમના સહકાર બદલ અત્રે તેમના સંચાલકોનો આભાર માનવાની તક લઈએ છીએ. આશા છે આવાં કામ દીર્ઘકાળ પર્યંત જારી રહેશે.

હરિ: ૐ આશ્રમ
નડિયાદ—સુરત
તા. ૧—૯—૮૦

નંદુભાઈ
મેનેજિંગ ટ્રસ્ટી

# અનુક્રમણિકા

## આશ્રમ—પ્રકાશનો

૧. પૂજ્ય શ્રીમોટાની ગદ્યકૃતિઓ

૨. પૂજ્ય શ્રીમોટાની પદ્યકૃતિઓ

- अ શરૂઆતની સાધકઅવસ્થાની પદ્યકૃતિઓ
- ब જીવનમુક્તિ બાદની શરૂઆતની પદ્યકૃતિઓ
- क શાસ્ત્રો સમાન પદ્યકૃતિઓ
- ड ભજનસંગ્રહો
- इ મુક્તકસંગ્રહો

૩. अ પૂજ્ય શ્રીમોટા વિષે અન્યની કૃતિઓ

- ब પૂજ્ય શ્રીમોટાના સ્મૃતિગ્રંથો

## આશ્રમ—પ્રેરિત દાન–ટ્રસ્ટોનાં પ્રકાશનો

૧. ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ. વડોદરા

- अ શ્રી વ્રજલાલ જાની ટ્રસ્ટ

૨. ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ

- अ નીલકંઠ બાલપયોગી ગ્રંથમાળા
- ब શ્રી ભગિની નિવેદિતા ગ્રંથમાળા

૩. ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદ

- अ મોતીભાઈ અમીન જીવનચરિત્રમાળા
- ब નાનાભાઈ ભટ્ટ સાંસ્કૃતિકકથા ટ્રસ્ટ
- क મોતીભાઈ અમીન સ્મારક શિશુભારતી શ્રેણી

ड   મૉન્ટેસોરી બાલભારતી ગ્રંથમાળા
इ   ગીજુભાઈ સ્મારક બાળજીવન ઘડતરયોજના

૪. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ
अ   સાતવળેકરજી સ્મારક શ્રેણી
ब   જનતા લોકોપયોગી ગ્રંથમાળા
क   શ્રી ટી. કે ગજ્જર વિજ્ઞાન પરિચય પુસ્તિકા શ્રેણી
ड   શ્રી રામનારાયણ પાઠક સ્મારક ટ્રસ્ટ
इ   શ્રી માણેકલાલ ચૂનીલાલ કાંટાવાળા સ્મારક
કિશોરભારતી ગ્રંથમાળા

૫. સરદાર પટેલ યુનિવર્સિટી, વિદ્યાનગર
अ   શ્રી આનંદશંકર બાપુભાઈ સ્મારક
સર્વધર્મદર્શન ટ્રસ્ટ
ब   જ્ઞાનગંગોત્રી શ્રેણી
क   શ્રી અરવિંદ તત્ત્વજ્ઞાન ટ્રસ્ટમાળા
ड   પ્રેમરાય બાપુ સ્મારક–શ્રી મણિભાઈ નભુભાઈ,
શ્રી બાલાશંકર, શ્રી ગોવર્ધનરામ વ્યાખ્યાનમાળા

૬. સુરત સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત
ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન
अ   નર્મદ સ્મારક ગ્રંથમાળા

૭. ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ, રાજપીપળા
अ   શ્રી અંબુભાઈ પુરાણી સ્મારક ગ્રંથશ્રેણી
(વ્યાયામ–વિજ્ઞાનકોષ)

૮. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
अ   મેઘાણી સ્મારક ગ્રંથમાળા

૯. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
अ   શ્રી રમણલાલ દેસાઈ સ્મારક ગુજરાતી વ્યાકરણ ટ્રસ્ટ
ब   વિજ્ઞાન-યંત્રવિદ્યાકોષ
क   જ્ઞાનકોષ

# હરિઃ ૐ આશ્રમ પ્રકાશનો

તથા

## હરિઃ ૐ આશ્રમ પ્રેરિત દાન-ટ્રસ્ટોનાં પ્રકાશનો

આત્મસાક્ષાત્કાર બાદ પૂજ્ય શ્રીમોટાએ પોતાના સાધક મિત્રોને માર્ગદર્શન આપવાનું શરૂ કર્યું. પરિણામે કુંભકોણમ, નડિયાદ અને સુરત એમ ત્રણ જગ્યાએ અનુક્રમે હરિ: ૐ આશ્રમની સ્થાપના થઈ. એની સાથે સમાજને બેઠો કરવાની અનેકવિધ પ્રવૃત્તિઓ પણ શરૂ થઈ. આ પ્રવૃત્તિઓના એક અંગ તરીકે શ્રીમોટાએ અનેક દાન-ટ્રસ્ટો કરી પ્રકાશનનું ગંજાવર કામ શરૂ કર્યું. હરિ: ૐ આશ્રમ તરફથી પૂજ્ય શ્રીમોટાની કૃતિઓનાં પ્રકાશનો તો હતાં જ. એ બધાં જ પ્રકાશનોની જાણકારી માટે મિત્રો, સ્વજનો અને પ્રસંશકો તરફથી સતત માગણી થવા લાગી. એટલે બધું એકત્રિત સ્વરૂપે ઉપલબ્ધ બને એ હેતુથી આ પુસ્તિકાની રચના કરવામાં આવી છે. આશા છે કે એને આવકાર મળશે.

હરિ: ૐ આશ્રમનાં પોતાનાં પ્રકાશનોમાં મહદ્અંશે પૂજ્ય શ્રીમોટાની કૃતિઓ જ છે. પૂજ્ય શ્રીમોટાની કૃતિઓની લાક્ષણિકતા એ છે કે પૂજ્ય મોટા કોઈ પણ વાર સળંગસૂત્ર પુસ્તક લખવા બેઠા નથી. નિર્ગુણ સાક્ષાત્કાર પછી જે મિત્રોએ આધ્યાત્મિક માર્ગદર્શન માગ્યું, તેમને લખેલા પત્રો પાછળથી એકત્રિત કરી શ્રી હેમંતકુમાર નીલકંઠ અને શ્રી નંદુભાઈ જેવા એમના સાધક મિત્રોએ સંપાદન કરી પુસ્તકાકારે પ્રગટ કર્યા. આ રીતે એમનાં ગદ્યપુસ્તકો અસ્તિત્વમાં આવ્યાં.

એમણે સાધનાકાળમાં રચેલી અનેક પદ્યકૃતિઓ માત્ર નિજાનંદ માટે હતી. તે સંગ્રહાઈને એમની પાસે પડી હતી. તે પણ મિત્રોની પ્રેમભાવપૂર્વકની ઇચ્છાને કારણે પ્રગટ કરવામાં આવી. શરૂઆતમાં જ્યારે એ બધાં છપાયાં ત્યારે પૂજ્ય શ્રીમોટા અજ્ઞાત રહેવા ઇચ્છતા હતા એટલે એમના નામ વગર પણ કેટલીક કૃતિઓ પ્રગટ

થયેલી. પરંતુ પાછળથી એઓ જ્યારે સમાજમાં જાણીતા થયા ત્યારે જ એમના નામ સાથે કૃતિઓ પ્રગટ થવા લાગી. એમનું તમામ લખાણ કોઈ ને કોઈ નિમિત્ત કારણે જ લખાયેલું છે. "કંઈ પણ નિમિત્ત વિના લખાયું નથી." એવું એ વારંવાર કહેતા. એમનાં તમામ પ્રકાશનોની આવક એમની અંગત હોવા છતાં એમણે એનો અંગત ઉપયોગ કર્યો નથી. પોતાની સાડાચાર લાખ રૂપિયા જેટલી રકમ એમણે સમાજને ચરણે ધરી દીધી છે. પાછળથી, પ્રકાશનની એમની એક ચોક્કસ પ્રકારની રીતિ જન્મી ચૂકી હતી. અને એવી રીતિ તો પૂજ્ય શ્રીમોટા જેવા મુક્ત પુરુષને જ પ્રાપ્ત થાય. એમનો એક સૈદ્ધાંતિક વિચાર હતો. "No Suggestion without an obligation of it." એનો અર્થ એ કે જવાબદારી અદા કર્યા વિનાનું કોઈ સૂચન ન હોઈ શકે. એનું પાલન એ પોતે કરતા અને અન્ય કોઈ એમને સૂચન કરવા જાય તેનું ધ્યાન એ વિચાર પ્રત્યે અવશ્ય ખેંચતા. કોઈ મિત્ર, સ્વજન, ભક્ત કે પ્રસંશક એમને કહે કે, "મોટા, અમુક વિષય પર લખો ને !" ત્યારે મોટા કહે, "ભાઈ, તારા સૂચનથી હું લખું તો ખરો, પણ તેં સૂચન કર્યું છે તો તે લખાણ છપાવવાની અને વેચવાની જવાબદારી તું ઉપાડી લે." એવી વ્યક્તિ એ કાર્ય ઉપાડી લે. પુસ્તકપ્રકાશનનો ખર્ચ એ ભોગવે. અને પુસ્તકવેચાણમાંથી આવતી રકમ આશ્રમમાં જમા કરાવે. આવી વ્યક્તિઓનું નામ પૂજ્ય મોટા સંપાદક તરીકે મુકાવી એમના સમર્પણને બિરદાવતા. એટલે એમની મોટા ભાગની કૃતિઓ જેને શ્રી હેમંતકુમાર નીલકંઠ અને શ્રી નંદુભાઈએ પ્રથમવાર સંપાદિત કરેલી તેની નવી નવી આવૃત્તિઓના સંપાદકો જુદા જુદા થયા એવી સ્થિતિ પેદા થઈ. વળી છેલ્લાં વર્ષોમાં એમનો ભક્તસમુદાય ખૂબ બહોળો બન્યો, ત્યારે સાહિત્ય સાથે સંબંધ ધરાવનાર કેટલાક અધ્યાપકમિત્રો એમનાં પુસ્તકોનું સંપાદનકાર્ય કરતા, છતાં સંપાદક તરીકે તો પ્રકાશન અને વેચાણની જવાબદારી લેનાર મિત્રોનું જ નામ રહેતું. આ કોઈ આધ્યાત્મિક સંબંધ બાંધવાની એમની આગવી રીત હોય એવો સંભવ ખરો.

એમની કૃતિઓના મુખ્યત્વે બે વિશાળ વિભાગ પાડી શકાય : (૧) ગદ્યકૃતિઓ, (૨) પદ્યકૃતિઓ. એના પણ કેટલાક પેટાવિભાગ થઈ શકે. તે આગળ ઉપર જોવા મળશે.

# ૧. પૂજ્ય શ્રીમોટાની ગદ્ય કૃતિઓ

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત રૂપિયા | પૃષ્ઠ સંખ્યા | આવૃત્તિ પ્રત | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૧ | જીવનસંગ્રામ | ૨–૫૦ | ૭૮ | બે ૨૦૦૦ | જીવનના સંઘર્ષ સામે ઝઝૂમવા માટેનું માર્ગ-દર્શન તથા ગીતાનો ઉપદેશ યુદ્ધ પ્રસંગે કેમ કહેવાયો? તેનો બૌદ્ધિક ઉકેલ આપતું પુસ્તક. |
| ૨ | જીવનસંદેશ | ૮–૦૦ | ૩૫૨ | ત્રણ ૩૭૫૦ | આધ્યાત્મિક જીવનનાં વિવિધ પાસાં પર જાણે સ્વતંત્ર લેખ લખાયા હોય એવા પત્રોનો સંગ્રહ. |
| ૩ | જીવનપાથેય | ૨–૫૦ | ૨૦૦ | બે ૨૨૫૦ | વિગત ઉપર પ્રમાણે. |
| ૪ | જીવનપ્રેરણા | ૧–૫૦ | ૧૯૨ | એક ૧૦૦૦ | સાધક મિત્રોને લખેલા પત્રોનો સંગ્રહ. |
| ૫ | જીવનપગરણ | ૫–૦૦ | ૨૦૪ | બે ૨૫૦ | સાધકને સાધનાની શરૂઆતમાં ઉપયોગી થઈ પડે એવા પત્રોનો સંગ્રહ. |
| ૬ | જીવનપગથી | ૫–૦૦ | ૨૫૨ | ત્રણ ૩૭૫૦ | 'જીવનપગરણ' વાંચ્યા બાદ તરત જ વાંચવા લાયક પુસ્તક. સહેજ ઊર્ધ્વકક્ષાનું માર્ગદર્શન આપતા પત્રોનો સંગ્રહ. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭ | જીવનમંડાણ | ૮-૦૦ | ૨૪૮ | બે<br>૨૦૦૦ | સંસારી જીવનમાં બહેનોને આધ્યાત્મિક ભૂમિકા કેળવવા માટેનું વિશિષ્ટ માર્ગદર્શન આપતાં બે પુસ્તકો. પુરુષોને પણ એટલાં જ ઉપયોગી છે. |
| ૮ | જીવનસોપાન | ૬-૦૦ | ૩૮૧ | બે<br>૨૫૦૦ | |
| ૯ | જીવનપ્રવેશ | ૨-૫૦ | ૨૩૪ | એક<br>૧૨૫૦ | સાધક મિત્રોને લખેલા પત્રોનો સંગ્રહ. |
| ૧૦ | હરિજન સંતો | ૨-૦૦ | ૫૨ | ત્રણ<br>૯૫૦૦ | પૂ. મોટાએ સાધનાકાળમાં હરિજન છાત્રો માટે લખેલાં ત્રણ હરિજન સંતો—ચોખામેળા, રવિદાસ અને હરિદાસનાં ટૂંકાં જીવનચરિત્રો. |
| ૧૧ | જીવનપોકાર | ૧૨-૦૦ | ૪૧૨ | ત્રણ<br>૩૦૦૦ | પૂ. મોટાની ચેતનાશક્તિના ગૂઢ અનુભવોનું દર્શન કરાવનાર પુસ્તક. હિમાલયના પ્રવાસની વિગતો સાથે. |
| ૧૨ | Life's Struggle | ૨-૫૦ | ૯૦ | ત્રણ<br>૩૫૦૦ | ઉપર ક્રમ-૧માં દર્શાવેલ 'જીવનસંગ્રામ'નું અંગ્રેજી રૂપાંતર. |
| ૧૩ | જીવનમંથન | ૮-૦૦ | ૩૮૪ | બે<br>૨૫૦૦ | સાધક દંપતીને તથા અન્ય સાધક મિત્રોને લખાયેલા પત્રોનો સંગ્રહ. |
| ૧૪ | જીવનસંશોધન | ૧૪-૦૦ | ૩૯૨ | એક<br>૧૨૫૦ | સાધકજીવનનાં વિવિધ પાસાંની છણાવટ કરતું હરપળે વૃત્તિ અને વલણોનું વિશ્લેષણ કરતું સુંદર પુસ્તક. |

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત રૂપિયા | પૃષ્ઠ સંખ્યા | આવૃત્તિ પ્રત | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૧૫ | જીવનદર્શન | ૧૪–૦૦ | ૪૫૦ | છ ૯૦૦૦ | પૂ. મોટાએ પોતાના શબ્દોમાં પોતાના જીવનના વધુમાં વધુ પ્રસંગોનું વર્ણન આ પુસ્તકમાં કર્યું છે. |
| ૧૬ | જીવનપરાગ | ૧૬–૦૦ | ૫૪૮ | બે ૩૫૦૦ | પૂ. મોટાનાં તમામ પુસ્તકોમાંથી ઉત્તમ આધ્યાત્મિક વિચારોનું દોહન કરીને સારસંચય રૂપે તૈયાર કરેલું પુસ્તક. |

## ૨ પૂજ્ય શ્રીમોટાની પદ્યકૃતિઓ

પૂજ્ય શ્રીમોટાને મતે એમના વિચારોને વહન કરવા માટે ગદ્ય કરતાં પદ્યનું માધ્યમ વધુ સુગમ હતું. એમને કાવ્યની પંક્તિઓ એક પછી એક ધોધની માફક ઊતરી આવતી. આ વાસ્તવિક ઘટના ઘણાએ નિહાળી છે. ગંભીર માંદગીને બિછાને હોય કે ડૉક્ટરોની જ્યુરી ઑપરેશન કરવાની તૈયારી દર્શાવતી હોય તેવે પ્રસંગે સાધક મિત્ર પાસે ધોધબંધ પદ્યપંક્તિઓ એઓ લખાવતા તે ઘણાએ નિહાળ્યું છે.

એમની સાધનાકાળની અને 'મુક્ત' બન્યા પછી શરૂઆતની કેટલીક પદ્યરચનાઓમાં સાહિત્યની દૃષ્ટિએ ઉચ્ચ કાવ્યતત્ત્વના અંશો રહેલા છે. વિવિધ છંદોનો પણ ખૂબ જ સરળતાપૂર્વક એમણે ઉપયોગ કર્યો છે. શિખરિણી અને મંદાક્રાન્તાને સંયુક્ત કરીને એક નવીન પ્રયોગ પણ એમણે કર્યો છે. એને માટે સાહિત્યક્ષેત્રના પીઢ વિવેચક પ્રો. અનંતરાય રાવળે એમને અભિનંદન આપ્યાં છે. છતાં, પૂજ્ય

શ્રીમોટાએ પોતાની પદ્યરચનાને કવિતા ગણવાનો આગ્રહ રાખ્યો નથી. પોતે તો એને જોડકણાં ગણાવતા. અનેક છંદોનો સરળતાથી ઉપયોગ કરી શકતા હોવા છતાં ગઝલ અને અનુષ્ટુપ એમને ખૂબ જ સહજ હતા. એમની પદ્યકૃતિઓના પેટાવિભાગ નીચે પ્રમાણે છે :

# अ શરૂઆતની સાધકઅવસ્થાની પદ્યકૃતિઓ

શરૂઆતની સાધકઅવસ્થામાં પૂજ્ય શ્રીમોટા દ્વારા રચાયેલી પદ્યકૃતિઓ નીચે આપીએ છીએ. એમાં પ્રભુપ્રાપ્તિની સતત ઝંખના, ઉત્કટ અભિલાષા અને એમના જ શબ્દોમાં કહીએ તો 'જ્વાળામુખી જેથી ધગધગતી તમન્ના' દૃષ્ટિગોચર થાય છે.

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત રૂપિયા | પૃષ્ઠ સંખ્યા | આવૃત્તિ પ્રત | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૧ | મનને | ૦–૪૦ | ૬૨ | ૭<br>૧૪,૨૫૦ | સાધકને મનની ઓળખ આપીને જે મન વિક્ષેપ-કર્તા નીવડે છે એની પાસેથી કેવી રીતે કામ લેવું તે સમજાવતી ૩૨-પેજી ક્રાઉન સાઈઝની નાની પુસ્તિકા. શ્રી ઉમાશંકર જોષીની પ્રસ્તાવના સાથે. |

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત રૂપિયા | પૃષ્ઠ સંખ્યા | આવૃત્તિ પ્રત | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૨ | તુજચરણે | ૧–૦૦ | ૪૮ | અગિયાર ૨૧,૧૦૦ | અનેક ધર્મગ્રંથો અને સંપ્રદાય તથા દેવદેવીઓની ઉપાસના કરનાર હિંદુધર્મમાં ઈશ્વરનું સ્વરૂપ કેવું છે તેનું નિરૂપણ કરતી ૩૨–પેજી ક્રાઉન સાઈઝની પુસ્તિકા. |
| ૩ | હૃદયપોકાર | ૨–૫૦ | ૯૬ | બે ૨૦૦૦ | પૂ મોટાએ ઉત્કટ ભાવે પ્રભુને પોકાર પાડીને કરેલી પ્રાર્થનાઓનો સંગ્રહ. |
| ૪ | કેશવચરણકમળે | ૦–૫૦ | ૭૦ | એક — | મોટાના ગુરુ શ્રીકેશવાનંદજી (ધૂણીવાળા દાદા) ને ઉદ્દેશીને રચાયેલાં સ્તવનો અને પ્રાર્થનાઓ. |
| ૫ | આર્તપોકાર | ૩–૦૦ | ૧૪૮ | બે ૨૫૦૦ | સાધનાકાળમાં પૂ. મોટાએ ઉત્કટ ભાવથી કરેલી પ્રાર્થનાઓનો સંગ્રહ. |
| ૬ | નર્મદાપદે | ૦–૬૦ | ૭૨ | ત્રણ ૪૦૦૦ | નર્મદામૈયાનું મોટાએ ભક્તિભાવે કરેલું સ્તવન. ૩૨–પેજી ક્રાઉન સાઈઝ. |
| ૭ | At The Lotus Feet | ૧–૦૦ | ૪૮ | બે ૧૫૦૦ | ઉપર ક્રમ–૨ માં દર્શાવેલ 'તુજચરણે'નું અંગ્રેજી રૂપાંતર. રૂપાંતરકાર–શ્રી હેમંતકુમાર નીલકંઠ. |
| ૮ | To The Mind | ૧–૦૦ | ૪૦ | એક ૩૫૦૦ | ઉપર ક્રમ–૧ માં દર્શાવેલ 'મનને'નું અંગ્રેજી રૂપાંતર. રૂપાંતરકાર–શ્રી હેમંતકુમાર નીલકંઠ. |

## ब જીવનમુક્તિ બાદની શરૂઆતની પદ્યકૃતિઓ

પૂજ્ય શ્રીમોટાને ૧૯૩૯માં નિર્ગુણ સાક્ષાત્કાર થયા બાદ જે મુમુક્ષુઓએ માર્ગદર્શન માગ્યું તેમને કવિતામાં પત્રો લખતા. એ કવિતાઓ પાછળથી સંગ્રહાઈને પુસ્તકાકારે પ્રગટ થયેલી કૃતિઓ નીચે આપી છે. એમાં કેટલીક સ્વતંત્ર એકમ તરીકે પણ લખાયેલી છે. દા. ત. ગંગાચરણે, અભ્યાસીને.

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત રૂપિયા | પૃષ્ઠ સંખ્યા | આવૃત્તિ પ્રત | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૧ | જીવનપગલે | ૩–૦૦ | ૧૧૦ | બે ૨૨૫૦ | દુઃખ જીવનને ઊંચું લાવવા માટે છે એવું પ્રતિપાદન કરી અન્ય વિષયોનુ પણ પદ્યમાં નિરૂપતું પુસ્તક. |
| ૨ | ગંગાચરણે | ૦–૫૦ | ૪૮ | એક ૧૦૦૦ | હિમાલયના પ્રવાસ દરમ્યાન હિંદુ સંસ્કૃતિના પ્રતીક સમી ગંગામૈયાનું પૂ. મોટાએ કરેલું સ્તવન. |
| ૩ | કર્મગાથા | ૨–૦૦ | ૨૪૦૦ | એક ૧૧૦૦ | કર્મ વિનાનું જીવન સંભવિત નથી. તો કર્મ કેવી રીતે કરવાં? કેવી રીતે કર્મ બંધનકર્તા ન નીવડે? નિષ્કામ કર્મ શું ? એવાં કર્મ કેવા હેતુ અને ભાવ સાથે કરવાં? વગેરેની સ્પષ્ટતા કરતું પદ્યપુસ્તક. |
| ૪ | પ્રણામપ્રલાપ | ૧–૫૦ | ૧૫૬ | એક ૬૦૦ | પ્રભુપરાયણ બનવા માટેના ઉત્કટ ભાવોને વ્યક્ત કરતી ગઝલોનો સંગ્રહ. |
| ૫ | પુનિત પ્રેમગાથા | ૨–૫૦ | ૩૧૪ | એક ૧૦૦૦ | આધ્યાત્મિક જીવનનો પાયો પ્રેમ છે. એનું મહત્ત્વ દર્શાવતી પદ્યરચનાઓનો સંગ્રહ. |

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત રૂપિયા | પૃષ્ઠ સંખ્યા | આવૃત્તિ પ્રત | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૬ | જીવનગીતા | ૭-૦૦ | ૩૯૮ | ચાર ૮૭૫૦ | ભગવદ્ગીતાના શ્લોકોનું સરળ ગુજરાતીમાં પદ્ય-રૂપાંતર. કેટલાક શ્લોકો પર પૂ. મોટાનું પોતાનું ટિપ્પણ પણ પદ્યમાં જ. |
| ૭ | અભ્યાસીને | ૦-૪૦ | ૨૪ | એક — | પૂ. મોટાએ પોતાના સ્વહસ્તે ઊછેરેલું બાળક જ્યારે અભ્યાસકાળમાં પ્રવેશે છે ત્યારે અભ્યાસી કેવો હોય તે સમજાવતી પૂજ્ય મોટાએ તેને ઉદ્દેશીને અનુષ્ટુપમાં લખેલી પદ્યપુસ્તિકા. |



# क શાસ્ત્રો સમાન પદ્યકૃતિઓ

આધ્યાત્મિક જીવનની આવશ્યક એવી વિવિધ વિભાવનાઓ ( Concepts )ને લઈને એ દરેક પર તેનાં તમામ પાસાંની સર્વાંગી ચર્ચા કરતી અને સમગ્રતામાં નિરૂપણ કરતી પદ્યકૃતિઓનો એક ત્રીજો વિભાગ પડે છે. આવી વિભાવનાઓ વિષે અલબત્ત સંસ્કૃત સાહિત્યમાં છૂટક છૂટક ઉલ્લેખ જોવા મળે છે. પરંતુ એક વિભાવનાને લઈને એનું અનેકવિધ દૃષ્ટિથી છણાવટ કરતું એક સળંગસૂત્ર પુસ્તક પદ્યમાં લખાયું હોય એવું ભગિનીભાષામાં કદાચ ક્યાંય જોવા ન મળે એવું બને. આથી આ દરેક પુસ્તક તે તે વિષયનું એક શાસ્ત્ર બન્યું છે. પૂજ્યશ્રીએ એને માટે જણાવેલું છે કે મારા મૃત્યુ પછી ૫૦-૬૦ વર્ષ બાદ સમાજ એની કદર કરશે. એ શાસ્ત્રો નીચે પ્રમાણે છે.

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત રૂપિયા | પૃષ્ઠ સંખ્યા | આવૃત્તિ પ્રત | વિશેષ નોંધ |
| --- | --- | --- | --- | --- | --- |
| ૧ | જિજ્ઞાસા | ૪–૦૦ | ૩૨૨ | ત્રણ ૩૨૫૦ | આધ્યાત્મિક જીવનના વિકાસની મૂળભૂત જરૂરિયાત એવી જિજ્ઞાસાનું સર્વાંગી નિરૂપણ. |
| ૨ | શ્રદ્ધા | ૫–૦૦ | ૩૪૬ | એક ૧૨૫૦ | 'શ્રદ્ધા' એ આધ્યાત્મિક જીવનનો પાયો. તેનાં તમામ પાસાંનું નિરૂપણ કરતું પદ્યપુસ્તક. |
| ૩ | ભાવ | ૦–૨૫ | ૧૨ | એક ૨૦૦૦ | ૩૨ પેજી ક્રાઉન સાઈઝમાં ૯૦ અનુષ્ટુપ શ્લોકોની એક પુસ્તિકા. આધ્યાત્મિક જીવનમાં ભાવ ખૂબ જ અગત્યનો. એ ભાવ શું છે? એ ચેતનાનો અવિષ્કાર કેવી રીતે? વગેરેનું નિરૂપણ. |
| ૪ | નિમિત્ત | ૧–૦૦ | ૯૦ | એક ૧૨૫૦ | નિમિત્તનો વિવિધ સંદર્ભમાં જુદો જુદો અર્થ કેવી રીતે? જીવદશાનું, સાધકનું અને અનુભવીનું નિમિત્ત કેવું હોય? તે સમજાવતી પદ્યકૃતિ. |
| ૫ | રાગદ્વેષ | ૧–૦૦ | ૮૮ | એક ૨૫૦૦ | રાગદ્વેષ એ મળ છે. ષડ્રિપુમાંના એક. એને જીતવા એ જ આધ્યાત્મિક જીવનની પારાશીશી. એ માનવીને શું કરાવે? રાગદ્વેષ કેવી રીતે દૂર થઈ શકે? વગેરે દર્શાવતું પુસ્તક. |
| ૬ | કૃપા | ૨–૦૦ | ૧૪૫ | એક ૧૧૦૦ | કૃપાનાં તમામ પાસાંનું નિરૂપણ કરતું પુસ્તક. |

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત રૂપિયા | પૃષ્ઠ સંખ્યા | આવૃત્તિ પ્રત | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૭ | સ્વાર્થ | ૨–૦૦ | ૮૦ | એક ૧૨૫૦ | સ્વાર્થથી માનવી કેવો કાર્યરત રહે છે? તે સમજાવી ભગવાનને માટે પણ એવો સ્વાર્થ લાગે તો જ સાધના ફળે એ દર્શાવતું પુસ્તક. |
| ૮ | શ્રીસદ્‌ગુરુ | ૫–૦૦ | ૩૪૬ | એક ૧૨૫૦ | સદ્‌ગુરુ એટલે શું? સદ્‌ગુરુના વિવિધ પ્રકારો, લક્ષણો, સ્વરૂપો, કાર્યો વગેરેનું વર્ણન, તેની વર્તનભાતોની સમજ. સદ્‌ગુરુ અને સાધક વચ્ચેનો સંબંધ. |
| ૯ | મોહ | ૫–૦૦ | ૧૮૪ | એક ૧૨૫૦ | મોહ માનવીને કેવા વમળમાં ફસાવે છે? મોહથી નિપજતાં પરિણામો, મોહને કેવી રીતે જીતી શકાય, મોહનું સ્વરૂપ શું? મોહને જીત્યાનાં લક્ષણો શાં વગેરે સમજાવતું પુસ્તક. |
| ૧૦ | ગુણવિમર્શ | ૨–૦૦ | ૮૮ | બે ૨૨૫૦ | તમસ્, રજસ્ અને સત્ત્વ ગુણોનું વિવરણ, ગુણવિકાસનું મહત્ત્વ, સત્ત્વ પ્રતિષ્ઠિત થયાનાં લક્ષણો વગેરે દર્શાવતું પુસ્તક. |
| ૧૧ | કર્મઉપાસના | ૨–૦૦ | ૧૮૪ | એક ૧૨૫૦ | કર્મગાથાના સ્વરૂપનું જ પુસ્તક. કર્મનો હેતુ શો? કર્મફળની આસક્તિનો ત્યાગ વગેરે કર્મયોગનાં વિવિધ પાસાંનું દર્શન કરાવનાર પુસ્તક. |

## ૬ ભજનસંગ્રહો

નીચેનાં પુસ્તકો એ પૂજ્ય શ્રીમોટાનાં ભજનોનો સંગ્રહ છે. અનેક ભક્તોમાંથી કેટલાક પૂ. મોટાને દરરોજ એક ભજન લખીને મોકલવાની વિનંતી કરતા. તેમને દરેકને ૫–૭–૮ વ્યક્તિઓને દરરોજ પૂ. મોટા એક એક ભજન પોસ્ટકાર્ડમાં લખી રવાના કરે. આવાં ૧૫૦–૨૦૦–૩૦૦–૪૦૦ ભજનો એકત્રિત થાય ત્યારે તે વ્યક્તિ એ ભજનોનો સંગ્રહ છપાવે અને વેચી પણ આપે. આવાં ભજનોના સંગ્રહોને પૂજ્ય મોટાએ "An Autobiography of My Sadhana" એવા શબ્દોથી નવાજ્યા છે. મોટેભાગે આ ભજનો ગઝલમાં જ લખાયાં છે. એ દરેકની એક આવૃત્તિ સિવાય બીજી થઈ નથી.

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત રૂપિયા | પૃષ્ઠ સંખ્યા | ક્રમ | પુસ્તકનું નામ | કિંમત રૂપિયા | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | જીવન-અનુભવ-ગીત | ૭–૫૦ | ૪૮૮ | ૧૧ | જીવનરંગત | ૫–૦૦ | ૩૫૬ |
| ૨ | જીવનઝલક | ૩–૦૦ | ૧૮૪ | ૧૨ | જીવનકથની | ૫–૦૦ | ૨૪૮ |
| ૩ | જીવનલહરિ | ૫–૦૦ | ૨૨૮ | ૧૩ | પ્રેમ | ૬–૦૦ | ૩૬૦ |
| ૪ | જીવનસ્મરણ | ૫–૦૦ | ૨૯૬ | ૧૪ | જીવનસ્પંદન | ૫–૦૦ | ૩૦૪ |
| ૫ | જીવનરસાયણ | ૫–૦૦ | ૩૫૪ | ૧૫ | જીવનપગદંડી | ૫–૦૦ | ૩૮૮ |
| ૬ | જીવનઆહ્લાદ | ૫–૦૦ | ૩૪૨ | ૧૬ | જીવનકેડી | ૬–૦૦ | ૩૪૦ |
| ૭ | જીવનતપ | ૫–૦૦ | ૩૭૦ | ૧૭ | જીવનચણતર | ૬–૦૦ | ૩૪૮ |
| ૮ | જીવનસૌરભ | ૫–૦૦ | ૩૫૨ | ૧૮ | જીવનઘડતર | ૬–૦૦ | ૩૪૪ |
| ૯ | જીવન-સ્મરણ-સાધના | ૫–૦૦ | ૩૬૪ | ૧૯ | જીવનપ્રવાહ | ૫–૦૦ | ૨૪૦ |
| ૧૦ | જીવનમથામણ | ૫–૦૦ | ૩૬૪ | ૨૦ | જીવનપ્રભાત | ૫–૦૦ | ૨૪૪ |

## ૬. મુક્તકસંગ્રહો

પૂજ્ય શ્રીમોટાએ સામાજિક ઉત્થાનનાં કાર્યો માટે નાણાં એકત્રિત કરવા ઘરે ઘરે પધરામણી કરાવવાનું સ્વીકાર્યું હતું. નાદુરસ્ત તબિયતને કારણે અને એમનો ૧ કરોડનો સંકલ્પ (ગુરુઆજ્ઞાને કારણે કરેલો) પૂર્ણ થતો હોવાથી બહાર જવાનું પાછળથી બંધ કર્યું. એ બંધ થવાના થોડા સમય અગાઉ કોઈ એક નિમિત્ત પ્રગટતાં એક ભક્તમિત્રને ચાર પંક્તિનું એક એક મુક્તક લખી આપવાનો પ્રસંગ ઊભો થયો. એક મુક્તકમાં એક વિચાર કે ભાવ સંપૂર્ણ રીતે નિરૂપાઈ જતો. પછી તો એનો પણ એક ચેતનાપ્રવાહ શરૂ થયો. એમાંથી પાંચ કૃતિઓ જન્મી. તેની છપામણી પણ જૂના શાસ્ત્રોની પોથી આકારે રાખી છે. એક પાના પર ચાર પંક્તિનું એક જ મુક્તક છપાયું છે.

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત રૂપિયા | પૃષ્ઠ સંખ્યા | ક્રમ | પુસ્તકનું નામ | કિંમત રૂપિયા | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ભાવકણિકા | ૫-૦૦ | ૨૫૮ | ૪ | ભાવપુષ્પ | ૬-૦૦ | ૨૩૬ |
| ૨ | ભાવરેણુ | ૫-૦૦ | ૨૨૮ | ૫ | ભાવહર્ષા | ૫-૦૦ | ૨૪૦ |
| ૩ | ભાવજ્યોતિ | ૫-૦૦ | ૨૩૮ | ૬ | જીવનવિકાસગાથા (પસંદગીયુક્ત શ્લોકોનો સંગ્રહ) | — | |

# ૩ અ પૂજ્ય શ્રીમોટાના જીવન વિષે અન્યની કૃતિઓ

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત રૂપિયા | આવૃત્તિ પ્રત | લેખકો/સંપાદકો | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૧ | પૂજ્ય શ્રીમોટા —જીવન અને કાર્ય | ૨૫–૦૦ | પ્રથમ ૧૭૫૦ | સંપાદકો<br>શ્રી ઈશ્વર પેટલીકર<br>શ્રી રમેશ ભટ્ટ<br>શ્રી રતિલાલ મહેતા | આર. આર. શેઠની કાં. દ્વારા પ્રકાશિત શ્રીમોટા અંગે સર્વાંગી ખ્યાલ આપતું દળદાર પુસ્તક. |
| ૨ | શ્રીમોટા | ૨–૦૦ | દ્વિતીય ૨૦૦૦ | શ્રી રમેશ ભટ્ટ | મોટાની સાધના પર વધુ ભાર મૂકતું જીવનચરિત્ર. |
| ૩ | પારસલીલા | ૩–૭૫ પાકું પૂંઠું<br>૨–૫૦ કાચું પૂંઠું | પાંચ ૧૦,૫૦૦ | શ્રી ઇન્દુકુમાર દેસાઈ | કિશોરવયની, અલ્પશિક્ષિત અને ગંભીર વાચન કરવા ન ટેવાયેલી પુખ્ત વ્યક્તિઓ આધ્યાત્મિક વિચારોથી ભારેખમ થયા વિના સરળતાથી સમજી શકે એવું મોટાનું જીવનવૃત્તાંત. નાનામોટા સૌને રસ પડે એવું રસિક શૈલીમાં મોટાના જીવનનો ખ્યાલ આપતું પુસ્તક અને તેમાંથી પુસ્તિકાઓના સેટ. |
| ૪ | તરણામાંથી મેરુ | ૧૨–૦૦ સળંગ પુસ્તક<br>૧૫–૦૦ સેટ | બન્નેની બે આવૃત્તિ ૨૦૦૦ ૪૦૦૦ | શ્રી સોમાભાઈ ભાવસાર | |

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત રૂપિયા | આવૃત્તિ પ્રત | લેખકો/સંપાદકો | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૫ | પૂજ્ય શ્રીમોટા જીવનવૃત્તાંત— સાક્ષાત્કાર પશ્ચાત એક સંક્ષેપ | ૧–૫૦ | એક ૧૦૦૦ | શ્રી ઇન્દુકુમાર દેસાઈ | સાક્ષાત્કાર પછી આશ્રમની સ્થાપના, સામાજિક કાર્યો અને દેહ છોડવાના પ્રસંગોની વિસ્તૃત માહિતીવાળું પુસ્તક. |
| ૬ | શ્રીમોટા–પ્રેરક પ્રસંગો | ૧–૫૦ | ત્રણ ૧૦,૦૦૦ | શ્રી વસંત નાયક | ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદ દ્વારા બાળકો માટેની ભાષામાં મોટાના જીવનના ૧૩ ઉદાત્ત પ્રસંગોનું આલેખન. |
| ૭ | મુક્તાત્મા મોટા | ૪–૫૦ | એક ૧૦૦૦ | શ્રી મુકુલ કલાર્થી | ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ. વડોદરા દ્વારા પ્રકાશિત. |
| ૮ | જીવનદ્રષ્ટાનો અનુભવયોગ | ૧–૦૦ | એક ૧૦૦૦ | શ્રી રમેશ ભટ્ટ | શ્રીમોટાના પત્રસાહિત્યની સાર-સમીક્ષા કરતી નાની પુસ્તિકા. |
| ૯ | સેવાભાવી સંત<br>,, ભા. ૧, ૨ | ૧ ૫૦<br>૧–૫૦ | એક ૫૦૦૦ | શ્રી મુકુલ કલાર્થી | ગુજરાત રાજ્ય સમાજશિક્ષણ સમિતિ દ્વારા પ્રકાશિત. |
| ૧૦ | પૂજ્ય શ્રીમોટા | ૧–૪૦ | એક ૮૦,૦૦૦ | શ્રી મુકુલ કલાર્થી | ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ. વડોદરા દ્વારા શિષ્ટવાચન પરીક્ષા માટે પ્રકાશિત. |
| ૧૧ | બાળકોના મોટા | ૨–૦૦ | એક ૫૦૦૦ | શ્રી મુકુલ કલાર્થી | હરિ : ૐ આશ્રમ પ્રકાશિત બાળકો માટે મોટાના જીવનના ઉદાત્ત પ્રસંગો. |

ૐ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૨ | ગંગાવતરણ | ૨–૦૦ | એક<br>૧૦૦૦ | સંપાદક :<br>શ્રીમતી કાન્તાબહેન ચીમનલાલ શાહ | પૂ. શ્રીમોટાના જીવન અને પ્રવૃત્તિનો આછો ખ્યાલ આપતી પુસ્તિકા. |
| ૧૩ | પૂજ્ય મોટા | ૧–૫૦ | એક<br>— | શ્રી રમેશ ભટ્ટ | બાલભારતી ટ્રસ્ટ, અમદાવાદ તરફથી બાળકો માટે નાની બુકલેટ તરીકે પ્રકાશિત. |
| ૧૪ | પૂજ્ય શ્રીમોટા | (વિના મૂલ્ય) | એક<br>— | શ્રી બાબુલાલ દોશી | કટકનિવાસી એક ભક્ત (લેખક પોતે) દ્વારા સ્નેહીજનોને વહેંચવા માટે પ્રકાશિત. |
| ૧૫ | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૮–૦૦ | એક<br>૧૨૫૦ | સંપાદક :–<br>શ્રી રતિલાલ મહેતા | પૂજ્ય શ્રીમોટા સાથે સત્સંગ દરમિયાન વિવિધ વિષયો પરત્વે પુછાયેલા પ્રશ્નોના ઉત્તરોનું સંપાદન. ખૂબ લોકભોગ્ય નીવડેલું પુસ્તક. પ્રકાશક : હરિઃ ૐ આશ્રમ. |
| ૧૬ | મોટાચરણે | ૧–૦૦ | પાંચ<br>૪૫૦૦ | શ્રી અનુપરામ ભટ્ટ | પૂ. મોટાને સંબોધીને આત્મનિવેદન દ્વારા કરાયેલું સ્તવન. ભક્તજનોમાં ખૂબજ પ્રિય થઈ પડેલું પદ્યપુસ્તક. |
| ૧૭ | હૃદયઅર્ઘ્ય | ૨–૫૦ | એક<br>૧૦૦૦ | શ્રીમતી સરોજબહેન કાંટાવાળા | પૂ. મોટાને સદ્‌ગુરુ રૂપે આપેલી અંજલિઓ, સ્તવન અને પ્રાર્થનાઓ. (પદ્ય) |
| ૧૮ | ભાવાંજલિ | ૧–૫૦ | એક<br>૧૦૦૦ | ઉપર પ્રમાણે | શ્રીરામ અને શ્રીસદ્‌ગુરુ મોટાને ઉદ્દેશીને કરેલાં બે સ્તવનો. |

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત રૂપિયા | આવૃત્તિ પ્રત | લેખકો/સંપાદકો | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૧૯ | ગુરુ-ચરણકમળે | — | એક ૧૦૦૦ | શ્રીમતી સરોજબહેન કાંટાવાળા | (૧૦૯ શ્લોકમાં પૂજ્ય શ્રીમોટાને ચરણસમર્પણભાવે આપેલી અંજલિ. |
| ૨૦ | શ્રીમોટાના જીવનપ્રસંગો | ૨–૦૦ | એક | શ્રી મુકુલ કલાર્થી | સસ્તું સાહિત્યવર્ધક પ્રકાશન |
| ૨૧ | પદની રજધૂલિ-કાનો પ્રતાપ | ૨–૫૦ | એક ૨૦૦૦ | શ્રી રમેશ ભટ્ટ | મોટા વિષેના વર્તમાનપત્રમાં લખાયેલા લેખોનો સંગ્રહ. |
| ૨૨ | સંતવાણીનું સ્વાગત | ૬–૦૦ | એક ૧૦૦૦ | સંપાદક : શ્રી રમેશ ભટ્ટ | પૂ. મોટાનાં પુસ્તકોની અન્ય વિદ્વાનો દ્વારા લખાયેલી પ્રસ્તાવનાઓમાંથી પસંદગીયુક્ત લખાણનો સંગ્રહ |
| ૨૩ | પૂ. શ્રીમોટા ચિત્રાવલિ (પૂજ્ય મોટાના ફોટાઓનું છપાયેલું આલ્બમ) | ૧૦–૦૦ | એક ૧૦૦૦ | સંપાદક : શ્રી વિષ્ણુભાઈ પંડ્યા | સાહિત્ય મુદ્રણાલય, અમદાવાદના શ્રી વિષ્ણુભાઈએ મોટાના ફોટાઓ પ્રોટ્રેટ જેવા અને અન્ય છપાવ્યા તેનો સંગ્રહ. |
| ૨૪ | પૂજ્ય શ્રીમોટા ચિત્રાંજલિ | ૫–૦૦ | એક ૧૦૦૦ | સંપાદક : શ્રી કે. એમ. કાંટાવાળા | પૂ. શ્રીમોટાના વિવિધ પ્રસંગોએ અન્ય વ્યક્તિઓના સમૂહ સહિત લેવાયેલા ફોટાઓનું આલ્બમ. |

## બ પૂજ્ય શ્રીમોટાના સ્મૃતિગ્રંથો

પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનો, મિત્રો, ભક્તો અને પ્રસંશકોએ પૂજ્ય શ્રીમોટાના ઉત્સવો

ઊજવવાનું નક્કી કર્યું. પૂજ્ય મોટા આમ તો આ ઉત્સવોની વિરુદ્ધ હતા. પરંતુ એમનાં સમાજઉત્થાનનાં કામો માટે પૈસા મળી રહે એ માટે ઉત્સવો ઊજવવા દેતા. પાછળથી, આગેવાન સાહિત્યકાર શ્રી ઈશ્વર પેટલીકરે એ ઉત્સવપ્રસંગે સ્મૃતિગ્રંથ પ્રગટ કરવાનું સૂચવ્યું. પૂજ્ય મોટાએ કહ્યું, "ભાઈ, એ ન જોઈએ. આપણે આપણા જ ખર્ચે આપણાં વખાણ કરવાં એ બરોબર નથી." ત્યારે શ્રી પેટલીકરે કહ્યું, "મોટા, એમાં જાહેરાતો લઈ શકાય અને એમાંથી ઘણાં નાણાં મળે." પૂજ્ય મોટાને તો સામાજિક કામો માટે નાણાં જોઈતાં જ હતાં. એમણે હા પાડી. એટલે વિવિધ પ્રસંગે નાનામોટા ઘણા સ્મૃતિગ્રંથો પ્રગટ થયા. પરંતુ કેટલાક નાની સ્મૃતિકાઓ જેવા એકાદ લેખ સાથેના હોવાથી માહિતીની દૃષ્ટિએ તેનું બહુ મૂલ્ય ન હોવાથી અત્રે ઉલ્લેખ કરવા યોગ્ય નથી. પરંતુ ત્રણેક સ્મૃતિગ્રંથોમાં પૂજ્ય શ્રીમોટાના જીવનની અનેકવિધ માહિતી અને સામગ્રી ઉપલબ્ધ થાય છે. એ ત્રણમાં એમના જીવનનાં વિવિધ પાસાં પર પ્રકાશ પડે છે. એટલે અહીં એની નોંધ લેવી જરૂરી છે. પ્રથમ બે ગ્રંથોમાં મહદ્અંશે સમાજમાં વિવિધ ક્ષેત્રે નેતૃત્વ ધરાવનાર વ્યક્તિઓએ પૂજ્ય શ્રીમોટાને કેવી રીતે જોયા તે નોંધનીય પાસું છે. છેલ્લા સ્મૃતિગ્રંથ 'જીવનસ્ફુલિંગ'માં એ પાસું તો યથાવત્ છે જ, પરંતુ તે ઉપરાંત પૂજ્ય શ્રીમોટા પ્રત્યે ભક્તિભાવે આકર્ષાયેલા અને એમને પોતાના જીવનના પથદર્શક માનતા હોય એવાં સામાન્ય જનો કહેવાય તેવાં, એમનાં સ્વજનોને પોતાને એમની ચેતનાનો સ્પર્શ કેવી રીતે થયો તે અંગેના લેખોનો એક અલગ વિભાગ છે, અને પૂજ્ય શ્રીમોટાની વિવિધ પ્રવૃત્તિઓ અને કૃતિઓનું મૂલ્યાંકન પણ છે. એ ત્રણ સ્મૃતિગ્રંથો નીચે પ્રમાણે છે:

| નામ | સંપાદકો |
| --- | --- |
| ૧. પૂજ્ય શ્રીમોટા હીરક મહોત્સવ સ્મૃતિગ્રંથ—અમદાવાદ | સર્વશ્રી ઈશ્વર પેટલીકર, રમેશ ભટ્ટ વિવેકાનંદ પ્રકાશનગૃહ, અમદાવાદ |
| જાહેરાત વિનાની પ્રતનું નામ | |
| પૂજ્ય શ્રીમોટા : જીવન માનાંજલિ – ભાવાંજલિ | શ્રી ભગવતી પ્રકાશન સાહિત્ય મુદ્રણાલય, અમદાવાદ |

| નામ | સંપાદકો : |
|---|---|
| ૨. પૂજ્ય શ્રીમોટા જન્મદિન અમૃત મહોત્સવ તથા દીક્ષાદિન સુવર્ણ મહોત્સવ સ્મૃતિગ્રંથ વડોદરા | ડૉ. અરુણોદય જાની<br>શ્રી રસિકભાઈ ર. ભટ્ટ<br>ડૉ. ગુણવંત બી. શાહ |
| ૩. જીવનસ્ફુલિંગ સ્મૃતિગ્રંથ – અમદાવાદ | સર્વશ્રી વાઈસ ચાન્સેલર ઈશ્વરભાઈ જે. પટેલ, રમેશ મ ભટ્ટ, ઇન્દ્ર વસાવડા, ઇન્દુકુમાર દેસાઈ |

# હરિ: ૐ આશ્રમ પ્રેરિત દાન–ટ્રસ્ટોનાં પ્રકાશનો

ગુજરાતી ભાષાને વધુ સમૃદ્ધ કરવા, તેમ જ કેળવણી વિષયક પ્રવૃત્તિઓની અગત્યતા પિછાની ગુજરાતી ભાષા દ્વારા વિશ્વજ્ઞાનની પ્રાપ્તિ સરળ બને એ માટે પૂજ્ય શ્રીમોટાએ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું અને વિવિધ પ્રકારનાં સાહિત્ય પ્રગટ કરવા દાનગંગા વહાવી. આમ, સમાજને નક્કર પાયા પર સ્થિર કરવા જીવનનાં વિવિધ ક્ષેત્રોનાં યોગ્ય નિરીક્ષણો પ્રદાન કરતાં પુસ્તકો પ્રકાશિત કરવાનું કામ હાથ ધરવામાં આવ્યું. આવાં અનેકવિધ પ્રકાશનોને ભારતભરની તેમ જ ગુજરાતની મહાન વ્યક્તિઓનાં નામ સાથે જોડ્યાં. આમ, સાંસ્કૃતિક વારસાને વિકસાવવામાં અને આ પેઢીને તે પ્રદાન કરવામાં ખૂબ મોટો ફાળો આપનાર શ્રેષ્ઠ વ્યક્તિઓ પ્રત્યેના સમાજના ઋણ માટે સમાજને સભાન કર્યો.

જે જે સંસ્થાઓને દાન આપ્યાં અને તે સંસ્થાઓ દ્વારા જે પ્રકાશનો થયાં તે હવે પછી આપવામાં આવે છે.

## ૧. ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ. વડોદરા

### અ હરિ: ૐ આશ્રમ પ્રેરિત શ્રી વ્રજલાલ જાની સ્મારક ટ્રસ્ટ

પૂજ્ય શ્રીમોટા પાસે 'મુક્ત' થયા પછી શરૂઆતમાં માર્ગદર્શન પ્રાપ્ત કરનારાંમાં એક દંપતી હતું—શ્રી વજુભાઈ જાની અને શ્રીમતી જયાબહેન જાની. શ્રી વજુભાઈનું કેન્સરમાં અવસાન થતાં તેમનાં પત્ની જયાબહેને પૂજ્ય શ્રીમોટા પ્રત્યેની પોતાની અનન્ય ભક્તિથી વજુભાઈની સંપૂર્ણ બચતમાંથી અને પોતાની બચતમાંથી સારવારમાં થયેલા ખર્ચ બાદ વધેલી રૂા. ૯,૦૦૦/- નવ હજારની રકમ પૂજ્યશ્રીને ચરણે ધરી. આથી પૂજ્ય શ્રીમોટાએ "હરિ: ૐ આશ્રમ પ્રેરિત શ્રી વ્રજલાલ જાની ટ્રસ્ટ" નામનું ટ્રસ્ટ રચી ઈ. સ. ૧૯૬૨માં ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ. વડોદરાને પુસ્તક-પ્રકાશન માટે રકમ આપી. જેમાંથી નીચેનાં પ્રકાશનો થયાં. છતાં નવ હજારમાંથી રકમ વધીને પંદર હજાર જેટલી થઈ છે. વિવિધ તબક્કે અત્યાર સુધીમાં નીચેનાં પ્રકાશનો થયાં છે:

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત રૂપિયા | લેખક / સંપાદક |
|---|---|---|---|
| ૧ | મોસમ મનની મો'રી | ૨–૫૦ | શ્રી ચંદ્રવદન જાની |
| ૨ | સુવાસિત જીવનકળીઓ | ૨–૫૦ | સંપાદકઃ શ્રી નંદુભાઈ શાહ |
| ૩ | પ્રેરણાપીયૂષ | ૪–૫૦ | સંપાદકઃ શ્રી નંદુભાઈ શાહ |
| ૪ | પારસમણિના સ્પર્શે (વિક્ટર હ્યુગોના 'લે મિઝરેબલ'નો ગુજરાતી સંક્ષેપ) | ૩–૫૦ | શ્રી મુકુલભાઈ કલાર્થી |

## ૨ ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ

### અ હરિઃ ૐ આશ્રમ પ્રેરિત નીલકંઠ બાલપયોગી ગ્રંથમાળા ઈ.સ. ૧૯૬૭

હરિજન સેવક સંઘમાં એક વખત પૂજ્ય શ્રીમોટાના ઉપરી તરીકે કામ કરી ચૂકેલા શ્રી હેમંતકુમાર નીલકંઠે શ્રીમોટાને ગુરુપદે સ્વીકાર્યા. નડિયાદ આશ્રમની સ્થાપના વખતે પણ શરૂઆતમાં અનેક મુશ્કેલી વેઠી એ એકલા રહ્યા. પૂજ્ય મોટા એમની સાથે મિત્રભાવે જ સંબંધ રાખતા. એમની સ્નેહભરી યાદમાં પૂજ્ય શ્રીમોટાએ ગુજરાતી સાહિત્ય પરિષદને "હરિ: ૐ આશ્રમ પ્રેરિત નીલકંઠ બાલપયોગી ગ્રંથમાળા" નામનું ટ્રસ્ટ રચી રૂા. ૧૨,૦૦૦/- ની રકમ ઈ.સ. ૧૯૬૭માં આપી. શ્રી હેમંતભાઈ હાલ આશ્રમના ટ્રસ્ટી છે. એમના જીવન દરમિયાન જ આ ગ્રંથમાળા માટે દાન આપી પૂજ્ય મોટાએ એમનામાં રહેલા સાહિત્યિક ગુણોની કદર કરી.

ગુજરાતી સાહિત્ય પરિષદ જેવી સાહિત્યક્ષેત્રે સર્વોત્કૃષ્ટ ગણાતી સંસ્થા બાલસાહિત્ય પ્રગટ કરે તો ખરેખર આજના કચરા જેવા બાળસાહિત્યની અવેજીમાં ઉત્તમ પ્રકારનું બાળસાહિત્ય રજૂ કરી શકે એવા હેતુથી આ દાન આપવામાં આવ્યું છે. એમાંથી આજ સુધીમાં નીચેનાં પ્રકાશનો બાળકો માટે પ્રગટ થયાં છે:

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત રૂપિયા | લેખક |
|---|---|---|---|
| ૧ | કસ્તુરબા | ૨-૦૦ | શ્રી સોમાભાઈ ભાવસાર |
| ૨ | નવાં ગીતો ભા-૩ | ૧-૨૫ | ,, ત્રિભુવન વ્યાસ |
| ૩ | ફૂલવાડી | ૦-૭૫ | ,, સ્વ. નિરંજન સરકાર |
| ૪ | ધરતીની મહેંક | ૧-૦૦ | ,, વસંત નાયક |
| ૫ | બીલીપત્ર | ૨-૦૦ | ,, મહીપતરામ જોશી |
| ૬ | તૈયાર હો | ૨-૫૦ | ,, વસંત નાયક |

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત રૂપિયા | લેખક |
|---|---|---|---|
| ૭ | દાદાજી વાર્તા કહેજો | ૩-૦૦ | ,, મુકુલ કલાર્થી |
| ૮ | ચાલો આપણે ભજવીએ | ૨-૦૦ | ,, ચંદ્રવદન શુકલ |
| ૯ | ભીલીની કિશોરકથાઓ | ૨-૦૦ | ,, ડૉ. યોગેન્દ્ર વ્યાસ |
| ૧૦ | નાનપણની વાતો | ૨-૦૦ | શ્રી મુકુલ કલાર્થી |
| ૧૧ | નાના છતાં મોટા | ૨-૦૦ | ડૉ. ઉપેન્દ્ર ભટ્ટ |
| ૧૨ | સાત ચરિત્રો | ૭-૦૦ | શ્રી નગીનદાસ પારેખ |
| ૧૩ | પગલે પગલે પ્રકાશ | ૨-૫૦ | ,, મુકુલ કલાર્થી |
| ૧૪ | ગુલાબી આરસની લગ્ગી | ૭-૦૦ | ,, હરિકૃષ્ણ પાઠક |
| ૧૫ | હાઈકુ (કાવ્યો) | ૨-૦૦ | ,, રમેશ પારેખ |
| ૧૬ | દે તાલી (વાર્તાઓ) | ૨-૫૦ | ,, રમેશ પારેખ |
| ૧૭ | તરાપો (બાળકાવ્યો) | (પ્રેસમાં) | ,, ઝીણાભાઈ દેસાઈ |
| ૧૮ | જંગલ જીવી ગયું રે લોલ | ૩-૫૦ | ,, ઇન્દુકુમાર પવાર |
| ૧૯ | તોફાન (કાવ્યો) | ૨-૦૦ | ,, યોસેફ મેકવાન |
| ૨૦ | ફૂલડે ફૂલડે ફોરમ | ૨-૫૦ | શ્રી મુકુલ કલાર્થી |
| ૨૧ | પારિજાતનાં ફૂલ | (પ્રેસમાં) | ,, મુકુલ કલાર્થી |
| ૨૨ | સરવરિયાં | ૨-૦૦ | ,, અમૃતલાલ છ. પારેખ |
| ૨૩ | ચાંદલિયાની ગાડી | ૨-૨૫ | ,, ચંદ્રકાન્ત શેઠ |
| ૨૪ | ચાલો નાટક નાટક રમીએ | ૩-૫૦ | ,, પ્રકાશ લાલા |
| ૨૫ | રૂમકઝૂમક | (પ્રેસમાં) | શ્રી રવીન્દ્ર ઠાકોર |
| ૨૬ | ઉજાણી | ,, | શ્રી ઝીણાભાઈ દેસાઈ |
| ૨૭ | ચીં | (પ્રેસમાં) | ,, રમેશ પારેખ |

## બ હરિઃ ૐ આશ્રમ પ્રેરિત શ્રી ભગિની નિવેદિતા ગ્રંથમાળા—૧૯૬૩

પૂજ્ય મોટાએ ગુજરાતી સાહિત્ય પરિષદને બીજું દાન-ટ્રસ્ટ ઈ. સ. ૧૯૬૩માં રૂા. ૨૫,૦૦૦/–નું ભગિની નિવેદિતા ગ્રંથમાળા માટે આપ્યું. તેમાં દર વર્ષે વ્યાજમાંથી સર્વોત્તમ અને મૌલિક

લલિત વાઙ્મયના સર્જન માટે સ્ત્રી લેખિકાને પારિતોષિક આપવાનું ઠરાવ્યું. પરંતુ જો એવું શક્ય ન બને તો ઉત્તમ સ્ત્રી લેખિકાની ગુણ અને ભાવનો વિકાસ કરે એવી લલિત વાઙ્મયની કૃતિ છપાવવાનું નક્કી થયું છે. અત્યાર સુધીમાં કેટલાંક પારિતોષિક અપાયાં છે અને નીચેની એક જ કૃતિ પ્રગટ થઈ છે. ભગિની નિવેદિતાએ પોતાના દેશ ઇંગ્લાંડને છોડીને અદમ્ય એવી આધ્યાત્મિક તૃષ્ણાને સંતોષવા સ્વામી શ્રી વિવેકાનંદનું શરણું સ્વીકાર્યું. એક ગોરી યુવતીએ ભારતમાં આવી ભારતને પોતાનો દેશ બનાવ્યો. ભારતીય જનતા સાથે એમણે અજોડ તાદાત્મ્ય દાખવ્યું. આવી એક સન્નારીનું પુનિત સ્મરણ સદા રહે તે માટે એ ગ્રંથમાળા સાથે એમનું નામ પૂજ્ય શ્રીમોટાએ જોડ્યું.

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત રૂપિયા | લેખક : |
|---|---|---|---|
| ૧ | પ્રગતિના પંથે | ૮-૦૦ | શ્રીમતી મૃણાલિની દેસાઈ |

## ૩ ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદ

## અ હરિ: ૐ આશ્રમ પ્રેરિત મોતીભાઈ અમીન જીવનચરિત્રમાળા—૧૯૭૩

શ્રી મોતીભાઈ અમીન ગુજરાતના એક ઉત્તમ શિક્ષણકાર થઈ ગયા. એમના એ યુગમાં એમની પ્રેરણા નીચે સંસ્કારસિંચન પામેલા અનેક પીઢ સેવકો ગુજરાતને મળ્યા છે. વિદ્યાદાન અને ગ્રંથાલય એ બે વિષેની પ્રવૃત્તિઓના એ પ્રાણ હતા. એમની નિષ્ઠા અને કર્મ પ્રત્યેનું સમર્પણ વિરોધીઓની પણ પ્રસંશા પ્રાપ્ત કરે એવાં હતાં. આજે પણ ચરોતરની કેળવણીની સંસ્થાઓ પર અને ચરોતરના આગેવાન શિક્ષણકારો પર એમની અસર સ્પષ્ટ વર્તાય છે. હિંમતપૂર્વક ટીકાની પણ પરવા કર્યા વિના એ યુગમાં રાજકારણથી સહેજ પણ લેપાયા વિના, એમણે સ્વીકારેલા જીવનકાર્યમાંથી સહેજ પણ ચલાયમાન થયા વિના જે ઊહાપોહ વિનાનું શાંત, છૂપું સમાજ-પરિવર્તનનું કામ એમણે કર્યું છે તેની કદર કરવા પૂજ્ય શ્રીમોટાએ રૂા. ૨૫,૦૦૦/-નું "હરિ: ૐ આશ્રમ પ્રેરિત શ્રી મોતીભાઈ અમીન

જીવનચરિત્રમાળા" નામનું ટ્રસ્ટ રચી ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદને આપ્યું. નવી પેઢીના ઘડતરમાં ઉદાત્ત જીવનચરિત્રો જેટલો ફાળો આપી શકે તેટલો ફાળો અન્ય કોઈ પણ સાહિત્યપ્રકાર આપી ન શકે એ નિઃશંક છે. એમાં આજ સુધીમાં નીચેની કૃતિઓ એમાંથી પ્રગટ થઈ છે :

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત રૂપિયા | લેખક | કોનાં જીવનચરિત્ર છે ? |
|---|---|---|---|---|
| ૧ | ગુજરાતનું ગૌરવ | ૨–૫૦ | શ્રી મુકુલભાઈ કલાર્થી | (૧) દાદાભાઈ નવરોજજી, (૨) મોતીભાઈ અમીન, (૩) વલ્લભભાઈ, (૪) શ્રીમદ્ રાજચંદ્રાચાર્ય, (૫) પ્રભાશંકર પટણી. |
| ૨ | પ્રેરણાનાં ઝરણાં | ૩–૦૦ | શ્રી મુકુલભાઈ કલાર્થી | (૧) લાલબહાદુર શાસ્ત્રી, (૨) પ્રો. કર્વે, (૩) રામકૃષ્ણ પરમહંસ, (૪) વિઠ્ઠલભાઈ પટેલ, (૫) જમશેદજી તાતા. |
| ૩ | આતમનાં અજવાળાં | ૨–૫૦ | શ્રી મુકુલભાઈ કલાર્થી | (૧) તિલક, (૨) રાજેન્દ્રપ્રસાદ, (૩) ધર્માનંદ કોસંબી, (૪) પ્રો. ત્રિવેદી, (૫) વિવેકાનંદ. |
| ૪ | જીવનપંચામૃત | ૩–૦૦ | શ્રી મુકુલભાઈ કલાર્થી | (૧) સર પી. ટી., (૨) ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, (૩) જવાહર નહેરુ, (૪) લાલા લજપતરાય, (૫) સંત તુકારામ. |
| ૫ | જીવનપંચામૃત (બીજી આવૃત્તિ) | ૩–૦૦ | શ્રી મુકુલભાઈ કલાર્થી | " " " " |
| ૬ | જીવનામૃતનું આચમન | ૪–૫૦ | શ્રી મુકુલભાઈ કલાર્થી | (૧) સહજાનંદ સ્વામી, (૨) કિ. ઘ. મશરૂવાળા, (૩) ટાગોર, (૪) ગુરુદયાલ મલ્લિક, (૫) શ્રી મોટા. |

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત રૂપિયા | લેખક : | કોનાં જીવનચરિત્ર છે? |
|---|---|---|---|---|
| ૭ | જીવનતીર્થ | ૬–૦૦ | શ્રી મુકુલભાઈ કલાર્થી | (૧) ચૈતન્ય મહાપ્રભુ, (૨) ત્યાગરાજ, (૩) સ્વામી અખંડાનંદ, (૪) કેદારનાથજી, (૫) સ્વામી દયાનંદ સરસ્વતી. |

## બ હરિ : ૐ આશ્રમ પ્રેરિત નાનાભાઈ ભટ્ટ સાંસ્કૃતિક કથા ટ્રસ્ટ—૧૯૭૩



ગુજરાતના શિક્ષણના ઇતિહાસમાં ભાવનગરની ‘દક્ષિણામૂર્તિ’ સંસ્થાનું નામ અનોખી ઢબે અંકિત થઈ ગયું છે. એ સંસ્થાના સ્થાપક અને આગળ જતાં ‘ગ્રામ દક્ષિણામૂર્તિ’ અને ‘લોકભારતી, સણોસરા’ જેવી સંસ્થાના વિકાસના પ્રેરણામૂર્તિ શ્રી નાનાભાઈ ભટ્ટ ગાંધીયુગના એક રત્ન હતા. એમનાં કેળવણી વિષયક ચિંતન દ્વારા અને વ્યવહારમાં તેના પ્રયોજન દ્વારા એમણે જે ફાળો આપ્યો તે તો અદ્વિતીય છે જ. પણ પોતાની લેખનપ્રવૃત્તિથી એમણે ગુજરાતને વધુ સંસ્કારસંપન્ન બનાવ્યું છે. એમણે પોતાના લેખનના એક ભાગરૂપે મહાભારત અને રામાયણનાં અનેક પાત્રો વિષે દરેક પાત્રદીઠ અલગ અલગ નાનું પુસ્તક લખ્યું છે. ગુજરાતનાં બાળકો, પુખ્તો અને વૃદ્ધોને સમાન રીતે જબરજસ્ત આકર્ષણરૂપ એ નીવડ્યાં છે અને એ રીતે અમર થઈ ગયાં છે. આથી પૂજ્ય શ્રીમોટાએ એમની એ આગવી પ્રતિભાને બિરદાવવા એમના નામ સાથે “હરિઃ ૐ આશ્રમ પ્રેરિત નાનાભાઈ ભટ્ટ સાંસ્કૃતિક કથા ટ્રસ્ટ” નામનું ટ્રસ્ટ રચી ચરોતર એજ્યુકેશન સોસાયટીને રૂા. ૨ લાખ જેટલી માતબર રકમ આપી.

દરેક પ્રજાનો ઉત્કર્ષ એ પ્રજા એના ભવ્ય ભૂતકાળના વારસાને કેવી રીતે સાચવે છે અને તેમાંથી કેવી રીતે પ્રેરણા લે છે તેના પર રહેલો છે. આપણી સંસ્કૃતિમાં મહાભારત અને રામાયણના મહાકાવ્યોએ યુગોથી પ્રજાને એના ચડતીપડતીના સમયમાં પ્રેરણાનાં પીયૂષ પાયાં છે. આવા પ્રાચીન ભવ્ય સંસ્કારવારસાથી જે પેઢી વંચિત રહે એ છિન્નભિન્ન થઈ જાય. ચારેકોરથી આવતા નિત્યનવીન વિચારોને આપણે એ વારસાના સંદર્ભમાં આત્મસાત્ કરવા રહ્યા. નવા વિચારોને મૂલવીએ, યોગ્ય લાગે તો સ્વીકારીએ પણ તેના સ્વીકારની ભૂમિકા તો આપણી સંસ્કૃતિના પાયા પર જ રહેલી હોવી જોઈએ. આથી પૂજ્ય શ્રીમોટાએ "નાનાભાઈ ભટ્ટ સ્મારક ગ્રંથશ્રેણી ટ્રસ્ટ"ના આધારે બાળકોને અને વાચકોને રસપ્રદ બને અને તેમના મન પર સુખદ, ઉન્નતિકારક અને શાશ્વત અસર થાય એવાં યથાયોગ્ય ત્રિરંગી ચિત્રો સહિત આપણા સાંસ્કૃતિક વારસાના પ્રશિષ્ટ ગ્રંથો મહાભારત, રામાયણ, ભાગવત અને ઉપનિષદ વગેરેમાંથી પ્રાસંગિક કથાઓ સરળ અને સહેલી ગુજરાતીમાં રજૂ કરવાનું નિર્ધારિત કર્યું. એ સ્મારક ગ્રંથશ્રેણી હેઠળ આજપર્યંત નીચેની કૃતિઓ પ્રગટ થઈ છે. એમાંથી એનું હિન્દીકરણ પણ થયું છે. કુલ આ ૧૨ ગ્રંથોની યોજના હતી.

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત રૂપિયા | લેખક: |
|---|---|---|---|
| ૧ | મહાભારત | ૧૦–૦૦ | શ્રી નટવરલાલ શિવશંકર યાજ્ઞિક |
| ૨ | ભાગવતકથા | ૧૦–૦૦ | શ્રી રામનારાયણ નાગરદાસ પાઠક |
| ૩ | રામાયણ ભાગ-૧ | ૧૦–૦૦ | શ્રી મુકુલભાઈ કલાર્થી |
| ૪ | રામાયણ ભાગ-૧ (બીજી આવૃત્તિ) | ૧૦–૦૦ | શ્રી મુકુલભાઈ કલાર્થી |

હિન્દી આવૃત્તિ

| | | | |
|---|---|---|---|
| १ | महाभारत | ११–०० | श्री नटवरलाल याज्ञिक |
| २ | भागवतकथाओ | ११–०० | श्री रामनारायण पाठक |

## क હરિ: ૐ આશ્રમ પ્રેરિત શ્રી મોતીભાઈ અમીન સ્મારક શિશુભારતી શ્રેણી ઈ.સ. ૧૯૭૪

હાલ બાલસાહિત્યનું ધોરણ દિનપ્રતિદિન કથળતું જાય છે. બાળકને આનંદ પડે એવું સાહિત્ય પીરસવાનાં ઓઠાં હેઠળ સસ્તું બજારુ અને કચરા જેવું બાળસાહિત્ય બહાર પડે છે. જેનાથી બાળકોનો ન તો માનસિક વિકાસ થાય છે કે ન તો ભાવાત્મક વિકાસ થાય છે. આવાં સાહિત્ય પ્રગટ કરવા પાછળ એક એવી માન્યતા છે કે ગંભીર વિષયોમાં બાળકને રસ પડતો નથી. આ માન્યતાને ખોટી ઠેરવવા માત્ર વિજ્ઞાનના જ વિષયોમાં નહિ પરંતુ અવકાશવિજ્ઞાન જેવા અદ્યતન વિષયોને પણ બાળકોની ભાષામાં ચિત્રો, ફોટોગ્રાફી અને વિવિધ પ્રકારનાં નિદર્શનો સહિત રજૂ કરવાની યોજના પૂજ્ય શ્રીમોટાએ કરાવી. શિશુભારતી ગ્રંથશ્રેણી એના કારણે અસ્તિત્વમાં આવી. એ શ્રેણી તદ્દન પૂર્વપ્રાથમિક અને પહેલા બીજા ધોરણના વિદ્યાર્થીઓ માટે કક્ષાવાર મથાળાં સાથે બહાર પાડવાની યોજના થઈ. એને માટે ઈ. સ. ૧૯૭૪માં રૂા. ૨૫,૦૦૦/– નું દાન મોટાએ આપ્યું. એમાંથી અત્યારે એક ગ્રંથ તૈયાર થયો છે.

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત રૂપિયા | લેખક |
|---|---|---|---|
| ૧ | શિશુભારતી | ૧૦–૦૦ | શ્રી રમેશ કોઠારી<br>શ્રી અભય કોઠારી |

## ड હરિ : ૐ આશ્રમ પ્રેરિત મૉન્ટેસોરી બાલભારતી ગ્રંથમાળા ઈ. સ. ૧૯૭૨

આ ગ્રંથશ્રેણી માટે રૂા. ૨ લાખ ચરોતર એજ્યુકેશન સોસાયટીને આપ્યા છે. એમાંથી ૯ ગ્રંથો બહાર પડી ચૂક્યા છે. તેની વેચાણની રકમ જમા લેતાં વ્યાજ સાથે એ રકમ આજે ૩ લાખ જેટલી છે. દરેક ગ્રંથ એકબીજાથી અલગ અને સ્વતંત્ર છે. કોઈ અનુસંધાન એકબીજા ગ્રંથો સાથે નથી. એમાં પણ સાતમા ધોરણ સુધીનાં પ્રાથમિક કક્ષાનાં બાળકોને આનંદ આપે એવી રસળતી

અને રસપ્રદ શૈલી અને રજૂઆત સાથે અનેકાનેક વિષયમાં રસ લેતાં કરવાની શક્તિ છે. બાળકના જીવનની આસપાસ થતા અનેકવિધ અનુભવોની પાછળ રહેલી વૈજ્ઞાનિક પીઠિકા સમજાવી તેમને વિજ્ઞાનમાં પ્રવેશ કરાવવાનો સઘન પ્રયત્ન છે. આનંદ, પ્રમોદ, હાસ્ય વગેરેને પણ ત્યાજ્ય ગણ્યું નથી. બાળક પોતે પોતાના સ્વહસ્તે ક્રિયાઓ દ્વારા કલ્પનાશક્તિ સાથે પ્રયોગ કરી શકે એવી ભૂમિકા પણ ઊભી કરી છે. તેમ જ સર્જનશક્તિનું બીજ પણ નંખાય એ જોવામાં આવ્યું છે. બાળકો પ્રત્યે વિશ્વભરમાં નવીન દૃષ્ટિ કેળવનાર અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિવાળાં બાળકેળવણીકાર ડૉ. મૉન્ટેસોરીનું નામ આ ગ્રંથમાળા સાથે પૂજ્ય મોટાએ જોડ્યું છે. આમ એક પરદેશી મહિલાના અદ્વિતીય પ્રદાનની કદર કરવામાં રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેની ભેદરેખા પણ પૂજ્ય શ્રીમોટાને આડે આવી નહિ.

| ક્રમ | પુસ્તકનું નામ | | દરેકની કિંમત રૂા. | સંપાદકો |
|---|---|---|---|---|
| ૧ | બાલભારતી | ગ્રંથ ૧ થી ૪ | ૮-૦૦ | શ્રી મોહનભાઈ પટેલ<br>શ્રી રમેશ કોઠારી |
| ૨ | બાલભારતી | ગ્રંથ ૫ થી ૯ | ૧૦-૦૦ | શ્રી મોહનભાઈ પટેલ<br>શ્રી રમેશ કોઠારી |

## ૬ હરિઃ ૐ આશ્રમ પ્રેરિત ગીજુભાઈ બાળજીવન ઘડતર યોજના ઈ. સ. ૧૯૭૧

અગાઉ ક્રમાં જણાવ્યા અનુસારની બાળસાહિત્યની ઊણપો વિષે પૂજ્ય મોટા ખૂબ જ સભાન હતા. એટલે એ ઊણપોને દૂર કરવા ચારેબાજુથી પ્રયાસ તેમણે કર્યા હતા. ચરોતર એજ્યુકેશન સોસાયટીને બીજા રૂા. ૨૫,૦૦૦/- અગાઉ આપ્યા હતા અને ડંખ વિનાનો નિર્ભેળ આનંદ પ્રાપ્ત કરાવે એવી વાર્તાઓ પ્રગટ કરવા માટે દાન-ટ્રસ્ટ કરેલું. આ પ્રકારનો આનંદ આપનાર ગ્રંથશ્રેણી બાળકોના વ્યક્તિત્વના વિકાસમાં પણ મહત્ત્વનો ફાળો આપી શકે. બાળકોમાં કોઈ પણ પ્રકારની સભાનતા વિના વ્યક્તિત્વનાં કેટલાંક લક્ષણો

પ્રગટાવી શકે કે જે એને જીવનઘડતર માટે ઉપયોગી થઈ શકે. સૌ પ્રથમ ડૉ. મૉન્ટેસોરીએ બાળકને કુટુંબજીવનમાં કેન્દ્રવર્તી સ્થાન મળવું જોઈએ એવો લોકમત કેળવ્યો. અને બાળકેળવણીમાં સૌથી પ્રથમ જરૂરિયાત બાળક પ્રત્યેનો પ્રેમ છે એ વાત પર એમણે ભાર મૂક્યો. આ વિચારધારાને ગુજરાતમાં સૌ પ્રથમ વ્યાપક રીતે અપનાવવાનું કાર્ય ભાવનગર 'દક્ષિણામૂર્તિ' સંસ્થાના ત્રણ મુખ્ય સ્તંભોમાંના એક શ્રી ગીજુભાઈ બધેકાએ કર્યું. ગુજરાતમાં ઠેરઠેર પૂર્વપ્રાથમિક શિક્ષણ ૩ થી ૫ વર્ષનાં બાળકોને આપવા માટે બાળમંદિરોની શરૂઆત શ્રી ગીજુભાઈએ કરાવી. તે એટલે હદ સુધી કે તેઓ 'બાળકોની મૂછાળી મા' તરીકે પ્રખ્યાત થયા. ગીજુભાઈએ આપેલા એમના આ આગવા પ્રદાનને કારણે આ ગ્રંથશ્રેણીમાં એમનું નામ પૂજ્યશ્રીએ જોડયું. એ ગ્રંથશ્રેણીમાં અત્યાર સુધીમાં નીચેનાં પુસ્તકો પ્રકાશિત થયાં છે.

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત રૂપિયા | લેખક |
|---|---|---|---|
| ૧ | બહાદુરશાહ | ૧–૦૦ | શ્રી વસંત નાયક |
| ૨ | જય જવાન | ૧–૦૦ | શ્રી વસંત નાયક |
| ૩ | હાર બની ગઈ જીત | ૧–૦૦ | શ્રી ધનંજય શાહ |
| ૪ | સાચને આંચ નહિ | ૧–૦૦ | શ્રી મુકુલ કલાર્થી |
| ૫ | સુવર્ણની માયા | ૧–૦૦ | શ્રી મુકુલ કલાર્થી |
| ૬ | મોટાઈની ચડાસાચડસી | ૨–૦૦ | શ્રી મુકુલ કલાર્થી |
| ૭ | પીડ પરાઈ જાણે રે | ૧–૫૦ | શ્રી મુકુલ કલાર્થી |
| ૮ | બાળમિત્રો માટે મીઠાઈ | ૧–૫૦ | શ્રી મુકુલ કલાર્થી |

## ૪ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ–ગુજરાત રાજ્ય

## ૭ હરિઃ ૐ આશ્રમ પ્રેરિત સ્વ. સાતવળેકરજી સ્મારક શ્રેણી ઈ. સ. ૧૯૭૦

વેદસંપત્તિ ભારતનો સાંસ્કૃતિક વારસો ને વૈભવ છે. ભારતનાં ધર્મ, તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતિનો પાયો વેદ છે. આ વેદ મૂળ સંસ્કૃત

ભાષામાં છે. સમાજનો ખૂબ નાનકડો વર્ગ જ એ ભાષા સમજી શકે છે. એટલે બહુજન સમાજ વેદમાં પીરસાયેલા જ્ઞાનથી વંચિત રહે છે. આને લીધે આજે એવી પરિસ્થિતિ સર્જાઈ છે કે પ્રાચીન ધર્મગ્રંથ તરીકે પરંપરાગત રીતે વેદની પૂજા લોકો કરે છે. પરંતુ એની વૈચારિક, સાંસ્કૃતિક, કલ્યાણવિષયક સંપત્તિથી સાવ અજાણ હોય છે. આથી ધર્મ જડ બને છે. એ પરંપરાનાં મૂળિયાં નવી પેઢી ગુમાવતી જાય છે. એટલે સામાન્ય જનની વેદ વિષે જાણકારી વધે અને એનાં અનેકાનેક જ્ઞાનપાસાનો સ્પર્શ તેમને થાય તે હેતુથી પૂજ્ય શ્રીમોટાએ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદને રૂા. ૨૦,૦૦૦/–નું દાન-ટ્રસ્ટ ઈ. સ. ૧૯૭૦માં કરી આપી સાદી ભાષામાં વેદપરિચય પુસ્તિકા પ્રગટ કરાવડાવી. એ દરેક પુસ્તિકામાં વેદમાં આપેલા વિવિધ મંડળોના ઋષિઓની કથાઓ આપીને એની ઋચાઓ સમજાવવામાં આવી છે. દરેક વેદ ઉપર ૬ પુસ્તિકા છે. એ દરેક ૬ પુસ્તિકાને એકત્રિત કરી એક સળંગ પુસ્તક રૂપે પ્રગટ કરવાની પણ યોજના છે.

સમગ્ર જીવન જેમણે વેદના સંશોધન અને પ્રચાર અર્થે ગાળ્યું એવા શતાયુ દીર્ઘાયુષ્યી સ્વ. પંડિત સાતવળેકરજીએ પોતાના જીવનના આખરી તબક્કામાં ગુજરાતમાં વલસાડ જિલ્લાના પારડી મુકામે વસવાટ કર્યો, 'અભ્યાસ મંડળ' નામની એક સંસ્થા શરૂ કરી એના દ્વારા વેદો વિષેનાં પ્રકાશનો કરવા પ્રેસ વગેરેની વ્યવસ્થા કરી. એ ઋણ સમાજ સ્વીકારે અને સ્વ. પંડિત સાતવળેકરજીની પુણ્ય-સ્મૃતિ જળવાઈ રહે એ માટે એમના નામ સાથે આ શ્રેણી જોડવામાં આવી. આમ, ગુણોની કદર કરવામાં પૂજ્ય શ્રીમોટાને પ્રાંતના સીમાડા પણ રોકી શક્યા નથી એ ખૂબ જ સૂચક છે. એ વેદ પુસ્તિકાઓના લેખક શ્રી વિષ્ણુદેવ સાંકળેશ્વર પંડિત છે. પુસ્તિકાઓ નીચે પ્રમાણે છે. કુલ ૨૪ પુસ્તિકા પ્રગટ થઈ છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | વેદપરિચય (ઋગ્વેદ અંગે) | પુસ્તિકા ૧ થી ૬ | દરેકની કિંમત રૂા. ૨–૦૦ |

૨ યજુર્વેદ પરિચય પુસ્તિકા ૧ થી ૬ દરેકની કિંમત રૂા. ૨-૦૦
૩ સામવેદ પરિચય પુસ્તિકા ૧ થી ૬ દરેકની કિંમત રૂા. ૨-૦૦
૪ અથર્વવેદ પરિચય પુસ્તિકા ૧ થી ૬ દરેકની કિંમત રૂા. ૨-૦૦
૫ ઋગ્વેદ (સળંગ પુસ્તક: પુસ્તિકા ૧થી૬ એકત્રિત સ્વરૂપે) કિં. ૧૧-૦૦

## બ હરિ: ૐ આશ્રમ પ્રેરિત જનતા લોકોપયોગી ગ્રંથમાળા ઈ.સ. ૧૯૭૭

જેવું ધર્મગ્રંથોનું થયું તેવું જ થોડા ઓછા પ્રમાણમાં પણ આજના વિજ્ઞાનનું બન્યું છે. સમાજજીવનના કે વ્યક્તિગત જીવનના અનેકાનેક વિષયોને વિષે સામાન્ય પ્રજાનો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ કેળવાયેલો હોતો નથી. આમ, જનતામાં વિજ્ઞાનની સમજ કેળવાવી જરૂરી છે. લોકો અનેક વાતો સાંભળે છે, વાંચે છે અને અનેક ઘટનાઓ પ્રત્યક્ષ જુએ છે. પણ એ કેમ અને કેવી રીતે શક્ય બને તે જાણતા નથી. એને સ્પર્શતી સમસ્યાઓ પાછળના વૈજ્ઞાનિક આધાર વિષે લોકોએ જાણવું જોઈએ. વિજ્ઞાન કરતાં વૈજ્ઞાનિક જીવનદર્શન વધુ અગત્યનું છે. સામાન્ય પ્રજા એ કેળવી શકે એ માટે હરિ: ૐ આશ્રમે યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડને અપાયેલી રકમમાંથી 'હરિ: ૐ આશ્રમ પ્રેરિત લોકભાગ્ય શ્રેણી' નામની શ્રેણી ઈ.સ. ૧૯૭૭માં શરૂ કરાવી. તે શ્રેણીમાં નીચેની કૃતિઓ પ્રગટ થઈ છે અને તેને ઠીક ઠીક આવકાર મળ્યો છે. લોકો સમજી શકે એવી સરળ ભાષામાં વૈજ્ઞાનિક પરિભાષાના ભાર વગર એ લખાઈ છે.

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત રૂપિયા | લેખક |
|---|---|---|---|
| ૧ | પ્રદૂષણ એક પડકાર | ૪-૦૦ | ડૉ. કે. બી. શાહ |
| ૨ | સામુદાયિક સ્વાસ્થ્ય | ૨-૫૦ | ડૉ. ચ. ર. ત્રિવેદી |
| ૩ | આહાર અને રોગ | ૩-૫૦ | ડૉ. જગદીશ ત્રિવેદી |
| ૪ | પ્રદૂષણ એક પડકાર (બીજી આવૃત્તિ-કાચું પૂંઠું) | ૩-૦૦ | ડૉ. કે. બી. શાહ |

## क हरिः ॐ આશ્રમ પ્રેરિત ટી. કે. ગજ્જર

## વિજ્ઞાન પરિચય પુસ્તિકા શ્રેણી ઈ.સ. ૧૯૭૧

વિજ્ઞાનના વિકાસે જગતને ખૂબ જ સાંકડું કર્યું છે. એટલું જ નહિ પણ એ વિકાસ ખૂબ ઝડપથી કૂદકે ને ભૂસકે થવા લાગ્યો છે. વિજ્ઞાનની આ આગેકદમ સાથે કદમ મિલાવવા એ ખૂબ જ અઘરું છે. ભારતની આર્થિક પછાત સ્થિતિમાં એ કામ વધુ કઠીન બને છે. એને માટે સર્વોત્મુખી પ્રયાસોની જરૂર પડે છે. અવકાશમાં સ્વયંસંચાલિત અવકાશયાનો કેવી રીતે મોકલાતાં હશે? આપ મેળે દોડતી ગાડી કેવી રીતે ચાલતી હશે? વિમાનઘર ઉપરથી ઊપડતું વિમાન ક્યાં અને ક્યારે પહોંચ્યું તે વિમાનઘરના સત્તાવાળાઓને શી રીતે ખબર પડતી હશે? ઇલેક્ટ્રોનિક્સ શું હશે? રડાર શું હશે? આવી તો અનેક સમસ્યા વિષે માતૃભાષામાં અદ્યતન વિજ્ઞાનનાં વિવિધ પાસાંમાં વૈજ્ઞાનિક જ્ઞાન પ્રાપ્ત થાય ત્યારે જ વૈજ્ઞાનિક પ્રક્રિયાઓનો પરિચય વધે, વૈજ્ઞાનિક સંશોધન જન્મે અને ટેકનોલોજિકલ પ્રગતિનો માર્ગ મોકળો બને. ગુજરાતી ભાષામાં આવું ઉપલબ્ધ રહે એ માટે પૂજ્ય શ્રીમોટાએ ઈ.સ. ૧૯૭૧માં રૂા. ૩૦,૦૦૦નું દાન–ટ્રસ્ટ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડને આપ્યું.

પોતાના જીવનમાં અનેક મુશ્કેલીઓ વેઠીને ગુજરાતમાં વૈજ્ઞાનિક વિકાસનો પાયો નાંખનાર અને તેના વિકાસ માટે ભેખ લેનાર અને એ રીતે કેમિકલ વિજ્ઞાનમાં અનેક નવપ્રસ્થાન કરનાર, એલેમ્બિક જેવી મહાન ઔદ્યોગિક સંસ્થાને શરૂમાં સહયોગ આપનાર ગુજરાતી રસાયણશાસ્ત્રી શ્રી ત્રિભુવનદાસ કે. ગજ્જરનું નામ એ ગ્રંથ-શ્રેણી જોડે ગુજરાતી પ્રજાના ઋણસ્વીકારના પ્રતીક રૂપ પૂજ્ય શ્રીમોટાએ જોડ્યું. તે શ્રેણીમાં નીચેનાં પુસ્તકો પ્રગટ થયાં છે :

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત રૂપિયા | લેખક |
|---|---|---|---|
| ૧ | તારક, તેજ અને રંગ | ૩–૨૫ | શ્રી છોટુભાઈ સુથાર |
| ૨ | સૂક્ષ્મ જીવોની સૃષ્ટિ | ૨–૭૫ | શ્રી કૃષ્ણલાલ કોઠાવાળા |

| | | | |
|---|---|---|---|
| ૩ | આપણી વનસ્પતિઓ | ૩–૭૫ | શ્રી ભાઈલાલભાઈ પટેલ |
| ૪ | હવામાનનું જ્ઞાન શા માટે ? | ૩–૭૫ | શ્રી બી. એન. દેસાઈ<br>શ્રી વિજયગુપ્ત મૌર્ય |
| ૫ | કાગળ | ૩–૫૦ | શ્રી પદ્મકાંત શાહ |
| ૬ | પરમાણુશક્તિ | ૩–૫૦ | શ્રી નરસિંહ મૂ. શાહ |
| ૭ | ખગોળ ખૂંદીએ રેડિયોતરંગે | ૩–૭૫ | શ્રી પરેશ ર. વૈદ્ય |
| ૮ | વિશ્વનું પ્રચંડકાય પ્રાણી–વ્હેલ | ૪–૭૫ | શ્રી ઇન્દ્રશંકર રાવળ |
| ૯ | પાણી | ૪–૭૫ | શ્રી વિજયગુપ્ત મૌર્ય |
| ૧૦ | પેટ્રોલિયમ | ૪–૭૫ | શ્રી બંસીધર ગાંધી |

## ૬ હરિ: ૐ આશ્રમ પ્રેરિત શ્રી રામનારાયણ પાઠક સ્મારક ઈ. સ. ૧૯૭૧

એક કાળે ગુજરાતી ભાષાની જોડણીમાં ભારે અરાજકતા પ્રવર્તતી હતી. ગુજરાત વિદ્યાપીઠ દ્વારા જોડણીકોશ પ્રગટ કરાવીને પૂજ્ય બાપુએ "હવે સ્વેચ્છાએ જોડણી કરવાનો અધિકાર કોઈને નથી." એવી ઘોષણા સાથે એ અંગેની અવ્યવસ્થા ટાળી. એવો જ મહત્ત્વનો સવાલ શબ્દની રચનાનો તથા તેની સમજ અંગેનો છે. આ સમજનો પાયો તો વ્યુત્પત્તિશાસ્ત્ર છે. એટલે એ અંગેનો કોઈ એકાદ પ્રમાણભૂત ગ્રંથ પ્રગટ થાય તો વ્યુત્પત્તિ અંગેનું નિયમન શક્ય બને. ગુજરાતી ભાષાને ઉચ્ચ કેળવણીનું માધ્યમ બનાવવા માટે આવું બધું જરૂરી છે. આથી પૂજ્ય શ્રીમોટાએ કોઈ અધિકૃત વિદ્વાન પાસે વ્યુત્પત્તિશાસ્ત્ર પર એક ગ્રંથ લખાવવા માટે યુનિવર્સિટી ગ્રંથ-નિર્માણ બોર્ડને રૂ. ૨૦,૦૦૦/–નું દાન-ટ્રસ્ટ ઈ. સ. ૧૯૭૧માં આપ્યું.

ગાંધીયુગમાં ગુજરાતી સાહિત્યમાં ભીષ્મ પિતામહ જેવું સ્થાન પ્રાપ્ત કરનાર શ્રી રામનારાયણ પાઠકની પુણ્યસ્મૃતિમાં એમનું નામ આ સ્મારક ટ્રસ્ટ સાથે જોડયું. એનો જે ગ્રંથ પ્રગટ થયો છે તે અહીં નીચે આપ્યો છે :

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત રૂપિયા | લેખક |
|---|---|---|---|
| ૧ | વ્યુત્પત્તિવિચાર | ૧૯–૫૦ | શ્રી હરિવલ્લભ ભાયાણી |

# હરિઃ ૐ આશ્રમ પ્રેરિત શ્રી માણેકલાલ ચૂનીલાલ કાંટાવાળા સ્મારક કિશોરભારતી ગ્રંથમાળા
## ઈ. સ. ૧૯૭૧

રાષ્ટ્રના નાગરિકનું સુંદર ઘડતર કરવું હોય તો એના જીવનના અગત્યના તબક્કાના સમયે એના ઊર્ધ્વગામી વિકાસની જરૂરિયાતો અનુસારનું સંસ્કારસિંચન થયા કરે એ જ અગત્યનું છે. અને તેમાંય કિશોરકાળ તો બહુ અગત્યનો. એ કાળે શક્તિનો એક નવો ફુવારો કિશોરમાં પ્રગટતો હોય છે. જેને યોગ્ય માર્ગે વાળવામાં ન આવે તો બાળક સમાજવિરોધી બનીને પણ ઊભો રહે. આથી કિશોર–કિશોરીઓની જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરવી જોઈએ. અને એ માટે એમની વિશ્વ વિષેની જિજ્ઞાસા પોષાય અને ઉત્તેજાય; જગતના જ્ઞાનવારસાનો પરિચય પામી તેમાં નમ્ર ફાળો આપવા તેઓ પ્રેરાય; અનેક પ્રકારનાં સાહસ, સ્વાર્પણ અને સેવા દ્વારા માનવજાતની પ્રગતિમાં સહાયક થનાર મહાપુરુષોના જીવનકાર્યથી માહિતગાર બનતાં તેમનામાં પણ એ ગુણો વિકસે; આદિમાનવથી માંડીને અણુશક્તિના વિનિયોગ અને અવકાશયાત્રા સુધીની સિદ્ધિઓની સાધનાકથા જાણીને વિજ્ઞાનને માનવસુખની સેવામાં જોતરવા મથવાનું તેને મન થાય; જગતમાં માનવ માનવ વચ્ચેના વિસંવાદો દૂર થઈ ને પ્રેમ અને સહકારની ભાવના વિસ્તરે; એ માટે મથનારા મહાન આત્માઓનાં જીવન અને ઉપદેશોનો પરિચય મેળવી પોતાના જીવનમાં કોઈ ઉન્નત ધ્યેયની સ્થાપના કરી તેની સિદ્ધિ અર્થે પુરુષાર્થ કરવાની તેઓને પ્રેરણા મળે; એ હેતુઓ લક્ષમાં રાખી પૂજ્ય શ્રી મોટાએ આ પુસ્તકશ્રેણીનું આયોજન કરાવ્યું. એમાં માનવજાતની વિકાસકથા, માણસે વિકસાવેલી વિવિધ વિદ્યાઓ, કલાઓ, કૌશલ્યો અને વિજ્ઞાનોનો પ્રેરક પરિચય આપવાનો પ્રયત્ન રહ્યો છે. સચિત્ર સુશોભિત ગ્રંથોમાં આ બધા વિષયો આપણા કિશોરો રસ અને હોંશપૂર્વક વાંચે એ રીતે નિરૂપવામાં આવ્યા છે. આપણા આજના અંધિયાર શિક્ષણમાં વિદ્યાર્થીઓનાં મન જે રૂંધામણ અનુભવે છે તેમાંથી મુક્ત થઈ તેમને વિશાળતર ક્ષેત્રોમાં વિહરવાની

અને તેમનાં હૃદય, મન અને બુદ્ધિનો સુમેળયુક્ત વિકાસ
તક સાંપડે યત્કિંચિત્ મદદરૂપ થવાની આ ગ્રંથમાળાની મુરાદ છે.
સધાય એમાં રૂપિયા ૨,૦૦,૦૦૦/—( બે લાખ ) ઈ.સ. ૧૯૭૧માં
એને માટે કુલ
આપ્યા.

હરિ : ૐ આશ્રમ અને પૂજ્ય શ્રીમોટાનાં યોજના-દાનો માટે
પૈસા એકત્રિત કરી આપવાનું કાર્ય જે જે ભકત, મિત્ર કે
નિરપેક્ષ ભાવે તેમની કદરરૂપે ઋણભાવ વ્યક્ત કરવા તેમનાં માતા, પિતા
પ્રસંશકે કર્યું નામ પુણ્યસ્મૃતિરૂપે દાન-ટ્રસ્ટ સાથે જોડવાની પ્રથા પણ
કે વડીલનું અપનાવી હતી. આ રીતે ગુજરાત રાજ્યના માજી ચીફ
પૂ. મોટાએ અને નાયબ સચિવ તથા હાઉસિંગ બોર્ડના માજી ચેરમેન
એન્જિનિયર કાંટાવાળાસાહેબે પૂજ્ય શ્રીમોટાને પોતાના સદ્‌ગુરુ તરીકે
શ્રી કાંતિલાલ એકત્રિત કરવામાં ખૂબ સહાય કરી હતી. તેમના પિતાશ્રી
સ્વીકારી દાન ચૂનીલાલ કાંટાવાળા જેઓ ખંભાતના આગેવાન વકીલ હતા
માણેકલાલ પોતાની સકળ સંપત્તિ દાનમાં આપી ઉચ્ચ ધાર્મિક અને
તેમણે જીવન નિર્ગમન કર્યું હતું. તેમની પુણ્યસ્મૃતિમાં 'કિશોર-
આધ્યાત્મિક ગ્રંથમાળા' જોડે એમનું નામ જોડવામાં આવ્યુ છે. આ શ્રેણીમાં
ભારતી પુસ્તકો પ્રગટ થયાં છે. યુનિ૦ ગ્રંથનિર્માણ બોર્ડે સોમૈયા
નીચેનાં પબ્લિકેશન્સ, મુંબઈ સાથે કરાર કરી એમની દ્વારા એ ગ્રંથો પ્રગટ
કરાવ્યા છે.

| ક્રમ | પુસ્તકનુ નામ | કિંમત રૂપિયા | લેખક |
|---|---|---|---|
| ૧ | દેશ દેશની લોકકથાઓ | ૬–૫૦ | શ્રી મૂળશંકર મો. ભટ્ટ |
| ૨ | માનવી આંખ પ્રસારે | ૧૦–૦૦ | ડૉ. છોટુભાઈ સુથાર |
| ૩ | દેશ દેશની લોકકથાઓ | ૧૦–૦૦ | શ્રી રમણલાલ સોની |
| ૪ | વનસ્પતિજગત | ૯–૭૫ | શ્રી ઇસ્માઈલ નાગોરી |
| ૫ | ગુર્જર મારો દેશ | ૧૦–૦૦ | શ્રી ચંદ્રવદન મહેતા |
| ૬ | ભૂતકાળની ભીતરમાં | ૧૧–૦૦ | શ્રી રમણિક મહેતા |

## ૫ સરદાર પટેલ યુનિવર્સિટી

### અ હરિ: ૐ આશ્રમ પ્રેરિત શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ સ્મારક સર્વધર્મ–દર્શન ટ્રસ્ટ ઈ.સ.૧૯૬૯

કોઈ પણ લોકશાહી સમાજને સુદૃઢતા અર્પવી હોય તો તેનો એક ઉપાય એ પ્રજાને જીવન વિષેના સુયોગ્ય દર્શનનો ખ્યાલ આપવો તે છે. આ ઉપરાંત લોકશાહીનો પાયો વ્યકિતનું વ્યકિત તરીકેનું મૂલ્ય ને આદર છે. આ ભાવના પેદા કરવા ને સ્થિર કરવા સર્વધર્મસમભાવ ને સર્વમાનવસમભાવની આવશ્યકતા છે. ઉપરાંત ધર્મ, દર્શન, ચિંતન, ફિલસૂફી વગેરેના શુદ્ધ સાત્ત્વિક જીવનદર્શનથી સમાજને પરિચિત કરવો તે જરૂરી છે. અંગ્રેજીમાં 'હોમ લાયબ્રેરી' ગ્રંથમાળા છે. તેવી ગ્રંથમાળા ગુજરાતીમાં કરીએ તો આ હેતુ સરે એવું પૂજ્ય શ્રીમોટાને લાગ્યું. આથી એમણે સરદાર પટેલ યુનિવર્સિટીને ઈ. સ. ૧૯૬૯માં રૂા. ૨,૦૦,૦૦૦/–નું દાન-ટ્રસ્ટ કરી તેના વ્યાજમાંથી પ્રત્યેક વર્ષે દરેક ધર્મ અને તેના દર્શન વિષેનું એકાદ પુસ્તક પ્રગટ કરવાનું યોજ્યું.

ગુજરાતની અને ભારતની સંસ્કૃતિના એક પ્રખર જ્યોતિર્ધર આચાર્ય આનંદશંકર ધ્રુવ હતા. એમની સાહિત્યની સાધના, તત્ત્વજ્ઞાનની ઉપાસના, ધર્મનું પાવિત્ર્ય ને ચારિત્ર્યનું લાવણ્ય આ બધાંએ એમને સંસ્કારમૂર્તિ બનાવ્યા. આ પંડિત મદનમોહન માલવીયાજી જ્યારે બનારસ હિન્દુ યુનિવર્સિટીના ઉપકુલપતિ તરીકે કોઈ સૌજન્યમૂર્તિની શોધમાં હતા ત્યારે મહાત્મા ગાંધીજીએ આનંદશંકરભાઇનુ નામ સૂચવ્યું. અને એ સ્વીકારાયું. આ યુનિવર્સિટીના કુલગુરુ તરીકે, અખિલ ભારતીય તત્ત્વજ્ઞાનના પ્રમુખ તરીકે, 'વસંત'ના તંત્રી તરીકે, શિક્ષણ, ધર્મ ને તત્ત્વજ્ઞાનની ઉપાસના દ્વારા એમણે ભારતની પ્રજાની જે સેવા કરી છે તે ચિરસ્મરણીય છે. આચાર્ય આનંદશંકરભાઈના અધ્યાત્મચિંતનમાં ભાવના ને કર્મનો સમન્વય વિલક્ષણ રીતે થયેલો છે.

આ વિલક્ષણતાને નજરમાં રાખતાં એમ થયું કે ધર્મ-તત્ત્વજ્ઞાન દર્શન ટ્રસ્ટના નામ સાથે આચાર્ય શ્રી આનંદશંકરનું નામ જોડીએ તો ટ્રસ્ટના ઉદ્દેશોનીય આપોઆપ સ્પષ્ટતા અને શુચિતા વધશે ને ગુજરાતના એક કુલગુરુ ને આચાર્યનું સ્મરણ ચિરંજીવ બનશે. ગુજરાતની ગુણિયલ પ્રજાએ એ વાતને વધાવી લીધી અને એક ભાવનામૂર્તિના સ્મરણને સુયોગ્ય રીતે અંકિત કરવામાં સહાયભૂત થઈ તે બાબત અભિનંદનીય છે.

હાલ એ ટ્રસ્ટમાં વ્યાજ સહિત અને પ્રગટ થયેલાં પુસ્તકોના વેચાણ રકમ સહિત રૂપિયા સાડાત્રણ લાખની રકમ જમા થયેલી છે.

આ શ્રેણીમાં નીચેનાં પુસ્તકો પ્રગટ થયા છે :

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત રૂપિયા | લેખક |
|---|---|---|---|
| ૧ | ખ્રિસ્ત દર્શન | ૨–૫૦ | શ્રી ફાધર વૉલેસ (બે આવૃત્તિ) |
| ૨ | જરથુસ્ટ્ર દર્શન | ૫–૫૦ | શ્રી ફીરોઝ દાવર |
| ૩ | ઇસ્લામ દર્શન | ૧૨–૦૦ | શ્રી ઇસ્માઈલ નાગોરી |
| ૪ | શીખ દર્શન | ૧૦–૦૦ | શ્રી ઉપેન્દ્ર સાંડેસરા |
| ૫ | હિન્દુ દર્શન | ૧૫–૦૦ | શ્રીમતી એસ્તર સોલોમન |
| ૬ | બૌદ્ધધર્મ દર્શન | ૧૫–૦૦ | શ્રી નગીન જી. શાહ |
| ૭ | જૈનધર્મ દર્શન | ૧૮–૦૦ | શ્રી ટી.કે. તુકોલા<br>અનુ. ચિત્રા શુક્લ |
| ૮ | હિન્દુધર્મ દર્શન | ૨૦–૦૦ | શ્રી વિષ્ણુદેવ<br>સાંકળેશ્વર પંડિત |

## બ હરિ: ૐ આશ્રમ પ્રેરિત જ્ઞાનગંગોત્રી શ્રેણી-ઈ.સ. ૧૯૬૭

આપણો દેશ આઝાદ થયા પછી દેશમાં રાષ્ટ્રીયતાના જુવાળ સાથે પ્રાંતીય ભાષાનો વિકાસ થવા માંડ્યો. બીજી બાજુ

વૈજ્ઞાનિક વિકાસને કારણે જગત પણ સાંકડું થવા લાગ્યું. સામાન્ય પ્રજામાં શિક્ષણનો વ્યાપ વધવા લાગ્યો. પરંતુ પ્રાંતીય ભાષા પૂરી ખેડાયેલી ન હોઈ વૈજ્ઞાનિક આગેકૂચ સાથે એ ભાષાના માધ્યમ દ્વારા કદમ મિલાવવાની મુશ્કેલી વર્તાવા લાગી. સમાજે આ સમસ્યા હલ કરવા અનેકવિધ પ્રયાસો કર્યા. પ્રાંતીય ભાષા ઉચ્ચ શિક્ષણનું માધ્યમ બની તેવે સમયે પૂજ્ય મોટાને પણ પોતાને એ દિશામાં યથાશક્તિ પ્રયાસ કરવાનું ઊગ્યું., અંગ્રેજીમાં 'Book of knowledge' નામની ગ્રંથશ્રેણી છે. તેમાં વિવિધ વિષયોના સર્વગ્રાહી અદ્યતન જ્ઞાનનો સંગ્રહ કરવામાં આવે છે. પૂજ્ય મોટાને ગુજરાતી ભાષામાં એવી વિષયવાર ગ્રંથશ્રેણી રચવાની ઇચ્છા થઈ. અનેક વિષયો પર જગતનું છેલ્લામાં છેલ્લું જ્ઞાન અગર માહિતી ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ થાય એ એનો હેતુ હતો. અને એ રીતે **आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः ।** (દરેક દિશાએથી અમને શુભ અને સુંદર વિચાર પ્રાપ્ત થાઓ) એ વેદવાક્યને સાકાર કરવા માટે જાણે આ યોજના હોય એવું થયું. એને માટે પૂજ્ય મોટાએ સરદાર પટેલ યુનિવર્સિટીને ૨,૦૦,૦૦૦/– રૂપિયા ઈ. સ. ૧૯૬૭માં આપી કુલ ૧૦ ગ્રંથો પ્રગટ કરવાની યોજના કરાવી. વધારે રકમ મેળવીને યુનિ.એ એને ૩૦ ગ્રંથોમાં રૂપાંતર કરી. રૂા. ૩૫,૦૦૦/– વધુ આપીને એ ગ્રંથોનું હિંદી રૂપાંતર કરાવવાનું પણ આશ્રમે ગોઠવ્યું. ગુજરાતના નામાંકિત વિદ્વત્વર્ગને તંત્રીમંડળમાં લઈ તેમના કરતાંય વધુ પીઢ વિદ્વાનોને પરામર્શકો નીમી વિવિધ વિષયના તજજ્ઞો પાસે લેખન-કાર્ય કરાવી આ ગ્રંથો પ્રગટ થયા છે. અત્યાર સુધીમાં ૨૦ ગ્રંથો બહાર પડી પણ ચૂક્યા છે. પહેલા ચાર ગ્રંથનું હિંદી રૂપાંતર થયું છે. પૂજ્ય શ્રીમોટાને પોતાની દાન-યોજના માટે સમાજ પાસેથી નાણાં એકત્રિત કરવામાં જે જે સજ્જનોએ મદદ કરેલી તેમનાં અથવા તેમનાં માતાપિતા વગેરેનાં નામના સ્મરણાર્થે એ વિવિધ ગ્રંથો અપાયા છે. એ ગ્રંથોની યાદી નીચે પ્રમાણે છે:

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત રૂપિયા | ક્રમ | પુસ્તકનું નામ | કિંમત રૂપિયા |
|---|---|---|---|---|---|
| ૧ | બ્રહ્માંડદર્શન | ૧૫-૦૦ | ૧૧ | ગુજરાતદર્શન (સાહિત્ય-ભા. ૨) | ૨૦-૦૦ |
| ૨ | પૃથ્વીદર્શન | ૨૦-૦૦ | ૧૨ | વિશ્વદર્શન-૧ (ક્રાંતિ) | ૨૦-૦૦ |
| ૩ | સ્વાસ્થ્યદર્શન | ૨૦-૦૦ | ૧૩ | સાહિત્યદર્શન (વિશ્વસાહિત્ય-૨) | ૩૦-૦૦ |
| ૪ | રસાયણદર્શન | ૨૦-૦૦ | ૧૪ | ઇજનેરીદર્શન | ૩૦-૦૦ |
| ૫ | સ્વરાજ્યદર્શન | ૨૦-૦૦ | ૧૫ | વિશ્વદર્શન-૨ (અદ્યતન ઇતિહાસ) | ૩૦-૦૦ |
| ૬ | ગણિતદર્શન | ૨૦-૦૦ | ૧૬ | જીવદર્શન | ૩૦-૦૦ |
| ૭ | સાહિત્યદર્શન-૧ (ભારતીય) | ૨૦-૦૦ | ૧૭ | સાહિત્યદર્શન (ભારતીય-૨) | ૩૦-૦૦ |
| ૮ | સાહિત્યદર્શન-૨ વિશ્વસાહિત્ય-૧) | ૨૦-૦૦ | ૧૮ | લલિતકળા | ૩૦-૦૦ |
| ૯ | કૃષિદર્શન | ૨૦-૦૦ | ૧૯ | વિચારદર્શન | ૩૦-૦૦ |
| ૧૦ | ગુજરાતદર્શન-૧ (સાહિત્ય-૧) | ૨૦-૦૦ | ૨૦ | વિશ્વદર્શન ભા. ૩ | ૩૦-૦૦ |

## ક હરિઃ ૐ આશ્રમ પ્રેરિત શ્રી અરવિંદ તત્ત્વજ્ઞાન ટ્રસ્ટમાળા શ્રેણી ઈ.સ. ૧૯૬૮

પૂજ્ય શ્રીમોટાએ શ્રીઅરવિંદને આધ્યાત્મિકતાના ધ્વજધારક ગણાવ્યા છે. શ્રીઅરવિંદના અને પૂજ્ય શ્રીમોટાના આધ્યાત્મિક વિચારોમાં ઘણું સામ્ય છે. એમણે બંનેએ સાધકોને લખેલા પત્રોથી એની પ્રતીતિ થાય છે. સામાન્ય રીતે એક આધ્યાત્મિક પુરુષ બીજા એવા જ ઉચ્ચ કક્ષાના આધ્યાત્મિક નેતાના સ્મરણાર્થે કંઈક પ્રવૃત્તિ કરે એવા કિસ્સા ભાગ્યે જ જોવા મળે છે. આ ક્ષેત્રે પણ સંકુચિતતાનાં દર્શન થાય છે. પરંતુ આ શ્રેણી સ્થાપીને પૂજ્ય શ્રીમોટાએ ભારતીય વિચાર પરંપરાના ઉદાત્ત તત્ત્વને અનુરૂપ એવું ઉદારમત-વાદીપણું દર્શાવ્યું છે. એટલુંજ નહિ પરંતુ એમણે પોતાના નડિયાદ આશ્રમનું ઉદ્‌ઘાટન પણ પોંડિચેરીનિવાસી સ્વ. અંબુભાઈ પુરાણીને

હસ્તે કરાવ્યું છે. આજની વૈચારિક અસહિષ્ણુતાના જમાનામાં આ કંઈ નાનીસૂની વાત નથી. પૂજ્ય શ્રીમોટાએ રૂા. ૨૫,૦૦૦/–નું દાન-ટ્રસ્ટ ઈ.સ. ૧૯૬૮ માં સરદાર પટેલ યુનિવર્સિટીને કરી આપી તેના વ્યાજમાંથી શ્રીઅરવિંદના તત્ત્વજ્ઞાન અને વિચારધારા પર વ્યાખ્યાનમાળા રચવાનું સૂચવ્યું. અને વ્યાખ્યાનો પુસ્તિકારૂપે પ્રગટ થાય જેથી સમાજના કાયમી વિચારધન તરીકે તે સચવાય એ માટે વ્યાખ્યાનશ્રેણીમાંથી અત્યાર સુધીમાં નીચેની પુસ્તિકાઓ પ્રગટ થઈ છે. વ્યાખ્યાનો હજુ ચાલુ છે.

| ક્રમ | પુસ્તિકાનું નામ | કિંમત | વ્યાખ્યાતા-લેખક |
|---|---|---|---|
| ૧ | શ્રીઅરવિંદ પૂર્ણયોગ | ૧–૦૦ | શ્રી શાંતિલાલ ઠાકર |
| ૨ | માનવજીવનનું ભાવિ | ૧–૦૦ | શ્રી અમીધર ભટ્ટ |
| ૩ | ધ્યાન અને એકાગ્રતા | ૧–૦૦ | શ્રી અમીધર ભટ્ટ |
| ૪ | યોગમાં શારીરિક કેળવણીનું સ્થાન | ૧–૦૦ | એક સાધક પોંડિચેરી આશ્રમ |
| ૫ | શ્રીઅરવિંદ જીવનદર્શન અને કાર્ય | ૧–૨૫ | કવિ પૂજાલાલ |

## હ હરિ: ૐ આશ્રમ પ્રેરિત પ્રેમરાય બાપુ સ્મારક
## શ્રી મણિભાઈ નભુભાઈ શ્રી બાલાશંકર
## શ્રી ગોવર્ધનરામ વ્યાખ્યાનમાળા ઈ.સ. ૧૯૭૦

અર્વાચીન ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં સન ૧૮૮૭ અને ૧૯૧૫ વચ્ચેની પચીસીને સાક્ષરયુગ કે પંડિતયુગ તરીકે ઓળખવામાં આવે છે. તેને આપણે કશીયે અતિશયોક્તિ વિના 'ગોવર્ધન-મણિ' યુગ કહી શકીએ તેટલી વિપુલ અને ગુણસમૃદ્ધ સાહિત્ય-સેવા ગુજરાતના આ ગરવા મનીષીઓની છે. ગોવર્ધનરામ અને મણિલાલ ભારતભરમાં ઉચ્ચ કોટીનું સ્થાન પામી શકે તેવી વિદ્વત્તા અને અભ્યાસ-પરાયણતા કેળવી શક્યા હતા. વિપત્તિઓના દિવસમાં ગોવર્ધનરામને તેમ જ મણિલાલને ટકી રહેવાનું બળ તેમના અંત:પ્રતીત તત્ત્વવિચાર-માંથી મળી રહેતું હતું. ઉભયના જીવનનું બળ ધર્મ હતો. મણિલાલની ધર્મશ્રદ્ધાના પાયામાં કેવલાદ્વૈત હતો તો ગોવર્ધનરામની ઈશ્વર-

શ્રદ્ધા શુદ્ધાદ્વૈતના રંગવાળી હતી. અંગ્રેજી કેળવણીની અસરરૂપે પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિનો સંગમ થયો તેનું રાજકીય, વ્યાવહારિક અને ધાર્મિક દૃષ્ટિએ નિદાન કાઢવાનો આ મહાનુભાવોએ પોતપોતાની રીતે પ્રયત્ન કર્યો. આ બે ભગીરથ સાહિત્ય સ્વામીઓનો અમૂલ્ય અક્ષર-વારસો પડેલો છે. ચિંતનના ક્ષેત્રમાં એમની કીર્તિ અક્ષર છે. ધર્મશ્રદ્ધાએ પ્રેરેલ પવિત્ર જીવનકાર્ય તરીકે સાહિત્યને બંનેએ અપનાવ્યું હતું. જીવન અને સંકૃતિના ચિરંતન મૂલ્યોની શોધબત્તી સમી આ બે લેખકોની કૃતિઓનો વિસ્તાર આપણા સાહિત્યના ઇતિહાસમાં બે-અઢી દાયકાથી વધુ લાંબા પટ પર થયેલો નથી. પરંતુ તેના પ્રકાશનાં કિરણો દૂર દૂર સુધી પહોંચી ભાવિની કેડી ઉપર જીવનની ઉષ્મા પ્રસારે છે. એઓ નડિયાદના હતા. નડિયાદમાં એમની સાથે રહી સાક્ષર ત્રિપુટીમાં ત્રીજા સાહિત્યકાર સ્વ. શ્રી બાલાશંકર કંથારિયા છે. તેમણે ગઝલ દ્વારા દિલના દર્દને ગાયું છે. એટલે 'મસ્ત કવિ'નું ઉપનામ પામ્યા. આવા ત્રણેય સાહિત્યસ્વામીઓની સ્મૃતિ ગુજરાતમાં પ્રતિવર્ષ થતી રહે તે માટે એમનાં નામો સાથે બિલકુલ જ્ઞાનયુક્ત સહજભાવે જીવનારા અમદાવાદના આધ્યાત્મિક પ્રકાશ સમા આધ્યાત્મિક ગૃહસ્થ સંતપુરુષ પ્રેમરાય બાપુનું નામ સાથે જોડીને ઈ. સ. ૧૯૭૦માં રૂા. ૨૫,૦૦૦/– સરદાર પટેલ યુનિવર્સિટીને આપી તેના વ્યાજમાંથી પ્રતિવર્ષે વ્યાખ્યાનો થાય એવું "હરિ: ૐ આશ્રમ પ્રેરિત શ્રી પ્રેમરાય બાપુ સ્મારક શ્રી મણીભાઈ નભુભાઈ, શ્રી બાલાશંકર, શ્રી ગોવર્ધનરામ, વ્યાખ્યાનમાળા" નામનું ટ્રસ્ટ રચ્યું. એ વ્યાખ્યાનો પુસ્તિકારૂપે છપાય એવી વ્યવસ્થા કરી. એમાં અત્યાર સુધીમાં નીચે પ્રમાણેનાં બાર વ્યાખ્યાનો થયાં છે. પ્રથમ ચાર વ્યાખ્યાન ચાર જુદી જુદી પુસ્તિકારૂપે છે. જ્યારે ૫ થી ૧૨ સુધીનાં આઠ વ્યાખ્યાન એક જ પુસ્તકમાં પ્રગટ થયાં છે. અહીં દરેક વ્યાખ્યાનનો વિષય નીચે આપ્યો છે:

| ક્રમ | વ્યાખ્યાનનું નામ | વ્યાખ્યાતા | પુસ્તિકાની કિંમત રૂપિયા |
|---|---|---|---|
| ૧ | મણિભાઈ નભુભાઈ: સાહિત્ય અને તત્ત્વજ્ઞાનનું અદ્વૈત | શ્રી ધીરુભાઈ ઠાકર | ૧–૫૦ |

| ક્રમ | વ્યાખ્યાનનું નામ | વ્યાખ્યાતા | પુસ્તિકાની કિંમત રૂપિયા |
|---|---|---|---|
| ૨ | સરસ્વતીચંદ્રમાં વ્યક્ત થતું ગોવર્ધનરામનું દર્શન | પ્રો. ઉપેન્દ્ર પંડ્યા | ૧ ૫૦ |
| ૩ | સરસ્વતીચંદ્ર ઉપરથી કૉલેજ કક્ષાએ ભજવવા લાયક નાટક માટેની રૂપરેખા | શ્રી ચંદ્રવદન મહેતા | ૧-૫૦ |
| ૪ | ગોવર્ધનરામનું જીવનદર્શન | ડૉ. રમણલાલ જોશી | ૦-૭૫ |
| ૫ | મા નિષાદ | શ્રી કરસનદાસ માણેક | ૮ પ્રવચનો ભેગાં છપાયાં છે તેની કિંમત રૂા. ૬-૦૦ |
| ૬ | વિવેચનમાં સમકાલીનતા | શ્રી હસિત હ. બુચ | |
| ૭ | આસનસે મત ડોલ–સર્જકનું કર્તવ્ય | શ્રી ગુલાબદાસ બ્રોકર | |
| ૮ | ગોવર્ધનરામનું તત્ત્વચિંતન | શ્રી શાંતિલાલ ઠાકર | |
| ૯ | અદ્યતન ઉચ્ચ શિક્ષણના પ્રશ્નો | શ્રી અમૃતલાલ યાજ્ઞિક | |
| ૧૦ | આધુનિક સાહિત્યના (મુખ્યતઃ કવિતાના) કેટલાક પ્રશ્નો | શ્રી ડૉ. જયંત પાઠક | |
| ૧૧ | 'સરસ્વતીચંદ્ર' તથા 'રાઈ નો પર્વત'મા રૅનેસાં (નવજીવન)ની આબોહવા | પ્રો. ન. કુ. પંડ્યા 'ઉશનસ" | |
| ૧૨ | ગોવર્ધનરામનું સંસારચિત્રણ | શ્રી અનંતરાય રાવળ | |

## ૬ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, સુરત સંચાલિત ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન

### અ હરિ: ૐ આશ્રમ પ્રેરિત નર્મદ સ્મારક ગ્રંથમાળા-ઈ.સ.૧૯૭૧

નર્મદ આધુનિક ગુજરાતી સાહિત્યનો પિતા કહેવાય. એટલે જ એને 'અર્વાચીનોમાં આદ્ય' કહ્યો છે. ગુજરાતી સાહિત્યનાં હાલનાં જે જે કંઈ સ્વરૂપો છે તેમાં સૌથી પહેલી શરૂઆત કરનાર નર્મદ હતો. એ પત્રકાર હતો, તેણે આત્મકથા લખી હતી, શબ્દકોશ રચ્યો હતો, ધર્મ વિષે અભ્યાસ અને લેખન કર્યાં હતાં. આધુનિક કવિતાનાં

મંડાણ પણ એણે કર્યાં. ગુજરાતની નવજાગૃતિ (રેનેસાં) નો એ જનક. વળી ભારે સુધારક. એણે સુધારાનો ઝંડો વેગથી લહેરાવ્યો હતો. 'ડાંડિયો' એનું મુખપત્ર હતું. આ નર્મદનું ઋણ કેમ ભુલાય! પૂજ્ય શ્રીમોટાએ એનો ઋણસ્વીકાર કરવા એના નામની એક સ્મારક ગ્રંથમાળા માટે રૂા. ૨૫,૦૦૦/- નું દાન-ટ્રસ્ટ ઈ.સ. ૧૯૭૧માં કરીને સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, સુરત સંચાલિત ચૂનીલાલ ગાંધી વિદ્યાભવનને આપ્યું. તેના વ્યાજમાંથી આજ સુધીમાં સાહિત્યક્ષેત્રે ખૂબ જ ઉપયોગી બે દળદાર ગ્રંથો પ્રગટ થયા છે.

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક | કિંમત રૂપિયા |
|---|---|---|---|
| ૧ | કાકા કાલેલકર : જીવન-સાહિત્ય | ડૉ. જયંત યુ. પટેલ | ૧૪-૦૦ |
| ૨ | સાહિત્ય સંસ્પર્શ | શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી | ૩૦-૦૦ |

## ૭ ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ, રાજપીપળા

### અ હરિ: ૐ આશ્રમ પ્રેરિત શ્રી અંબુભાઈ પુરાણી સ્મારક ગ્રંથશ્રેણી ઈ.સ. ૧૯૭૭

કોઈ પણ દેશને બળવત્તર કરવા માટે તેની પ્રજાનું શારીરિક સ્વાસ્થ્ય એ પ્રથમ જરૂરિયાત છે. અને સ્વતંત્ર દેશને તેની સ્વતંત્રતા ટકાવી રાખવા માટે તે અનિવાર્ય છે. મજબૂત મન મજબૂત શરીરની અંદર વસે છે. પૂજ્ય શ્રીમોટા સમાજને બેઠો કરવા માગતા હતા. એ માટે એમણે આર્ષદૃષ્ટિથી જોયું કે નરવા નાગરિક પર સમાજની શક્તિનો આધાર છે. માટે જ એમણે સાહસ, શૌર્ય, ખંત, શ્રમ, સહનશીલતા વગેરે ગુણો ખીલવે એવી તરણસ્પર્ધા, હોડીસ્પર્ધા, દોડ વગેરે પ્રવૃત્તિ હાથ ધરી. પરંતુ આ વ્યવહારમાં પ્રયોજાયેલી પ્રવૃત્તિને જ્ઞાનાત્મક આધાર જોઈએ. વળી સાથે સાથે ગુજરાતી ભાષા ઉચ્ચ શિક્ષણનું માધ્યમ બનતી ગઈ, વિશ્વ સાંકડું બનતું ગયું, વૈજ્ઞાનિક સંશોધનોએ વિશ્વની ભૌતિક રુકાવટો દૂર કરી દીધી એટલે શરીરસ્વાસ્થ્ય માટેનું વ્યાયામવિજ્ઞાન પણ વધુ વિકસે, સઘન બને એ માટે વિશ્વનું એના વિષેનું તમામ જ્ઞાન ગુજરાતીમાં ઉપલબ્ધ

થાય એ ખૂબ જરૂરી હતું. સ્વાતંત્ર્ય પશ્ચાત્ એ અંગેની જરૂરિયાત ખૂબ જ તીવ્ર બની. દરેક દેશમાં આવી પ્રવૃત્તિઓ પોતાનું નિજી સ્વરૂપ ધારણ કરતી હોય છે. આપણા દેશમાં પણ ભારતીય વ્યાયામની આગવી પદ્ધતિઓ છે જ. એનો તથા આંતરાષ્ટ્રીય અસરોને કારણે જે વ્યાયામ કે રમતગમતની પ્રવૃત્તિઓ આપણે ત્યાં વિકાસ પામી તેનો તથા સમગ્ર વિશ્વની વ્યાયામપ્રવૃત્તિના ઇતિહાસનો આછો પરિચય ગુજરાતની પ્રજાને થાય તે માટે **વ્યાયામવિજ્ઞાનકોષના** ૧૦ ગ્રંથોની શ્રેણીનું આયોજન કરવા માટે પૂજ્ય શ્રીમોટાએ ઈ.સ. ૧૯૭૭માં **૧ લાખ ૨૦ હજારનું** દાન-ટ્રસ્ટ ઉપર્યુક્ત સંસ્થાને આપ્યું.

ગુજરાતને સ્વાતંત્ર્યસંગ્રામ દરમિયાન વ્યાયામનું ઘેલું લગાડનાર પુરાણી બંધુબેલડી સુપ્રસિદ્ધ છે જ. એમના જીવંત સ્મારકરૂપે 'ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ' દ્વારા રાજપીપળામાં જે વ્યાયામ-શિક્ષણની પ્રવૃત્તિથી ધમધમતું વિદ્યાલય ચાલે છે તે અજોડ છે. બંને પુરાણી ભાઈઓ વ્યાયામમાં રાષ્ટ્રીયતાનું પ્રદાન કરવામાં અગ્રણી હતાં. તેમાંથી અંબુભાઈ પુરાણી તો ગુજરાતમાંથી સૌ પ્રથમ શ્રીઅરવિંદ આશ્રમ, પોંડિચેરીમાં સમર્પણભાવે જીવન વિતાવી આધ્યાત્મિકતાના એક ધ્વજધારક બન્યા. પૂજ્ય શ્રીમોટાને એમને માટે ખૂબ માન અને આદર હતાં અને ઘનિષ્ઠ સંબંધ પણ હતો. અવારનવાર એમના ઉપયોગમાં આવવાનું પણ મોટાથી બનતું. તેની પવિત્ર યાદગીરીમાં આ વ્યાયામવિજ્ઞાનકોષ-ગ્રંથશ્રેણી સાથે તેમનું નામ પૂજ્ય શ્રીમોટાએ જોડીને વ્યાયામ પ્રચારક મંડળ—જે વડીલ બંધુ શ્રી છોટુભાઈ પુરાણી અને શ્રી અંબુભાઈ પુરાણીનું જ માનસસર્જન છે તેને ટ્રસ્ટ-દાન સોંપ્યું.

આવો વ્યાયામવિજ્ઞાનકોષ ભારતીય ભાષામાં સૌ પ્રથમ હોવાનું મનાય છે. થોડોક પ્રયત્ન મરાઠી ભાષામાં થયો હતો. ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ, રાજપીપળાએ ગુજરાત રાજ્યના અનુદાનથી એ ૧૦ ગ્રંથશ્રેણીનું આયોજન કર્યું છે. તેમાંથી પ્રથમ બે ગ્રંથો પ્રગટ થયા છે. ત્રીજો હાલ પ્રેસમાં છે.

| નામ | લેખકો | કિંમત રૂપિયામાં |
| --- | --- | --- |
| ૧ વ્યાયામવિજ્ઞાનકોષ – ૧ વ્યાયામવિકાસ દર્શન | સ્વ. શ્રી શંભુપ્રસાદ ભટ્ટ શ્રી ભાસ્કર ભટ્ટ | ૩૪–૦૦ |
| ૨ વ્યાયામવિજ્ઞાનકોષ – ૨ લોકરમતો | શ્રી ચિનુભાઈ પુ. શાહ શ્રી અનિલકુમાર ચિ. શાહ | ૨૧–૫૦ |

## ૮ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

### अ હરિ: ૐ આશ્રમ પ્રેરિત મેઘાણી સ્મારક ગ્રંથમાળા ઈ.સ. ૧૯૭૦

શ્રી ઝવેરચંદ મેઘાણી ગુજરાતી સાહિત્યના કવિ, નવલકથાકાર વાર્તાકાર તો ખરા જ. પરંતુ એમની વધુ ખ્યાતિ તો રાષ્ટ્રીય શાયર તરીકેની છે. એમનાં રાષ્ટ્રગીતોમાં ભલે ઉચ્ચ કવિતાતત્ત્વોનો અભાવ હશે તેથી એની ચિરકાલીનતા વિષે સંશય ઊપજે. પરંતુ એ એક યુગને ચેતાવનાર પ્રેરણાબળ તો બની જ રહે છે. ભારતની આઝાદીની લડત વખતે શ્રી ઝવેરચંદ મેઘાણીનાં રાષ્ટ્રીય ગીતો ઘેરઘેર ગવાતાં. એમના પર કેસ ચલાવનાર મૅજિસ્ટ્રેટની સમક્ષ પોતાના બુલંદ અવાજથી રાષ્ટ્રીયગીત ગાઈને એમણે ન્યાયાધીશની આંખમાં પણ આંસુ આણ્યાં હતાં એ પ્રસંગ ખૂબ જ જાણીતો છે. એમનું બીજું અનોખું અને મૌલિક કાર્ય તો લોકગીતો વિષેનું સંશોધન છે. દરેક પ્રજાનો પ્રાણ એનાં લોકગીતોમાં ધબકતો હોય છે. સૌરાષ્ટ્રની ધરતીમાં એવાં લોકગીતોનો વિસ્તાર વ્યાપક સ્વરૂપે જોવા મળે છે. બહારવટિયાની વાતો ઘેરઘેર જાણીતી હોય એવી ભૂમિમાંથી એમણે લોકગીતો એકત્રિત કર્યાં. એને કંઠ અને સ્વર આપ્યા અને 'સૌરાષ્ટ્રની એ રસધાર'ને એમણે વહાવી. આવાં અનોખાં પ્રદાન માટે મૌલિકતા અને અનોખાપણાના ઉપાસક પૂજ્ય શ્રીમોટાએ શ્રી ઝવેરચંદ મેઘાણીનું નામ ચિરંતન રહે અને એમનું લોકસાહિત્યના એકત્રીકરણનું અને સંશોધનનું કાર્ય જારી રહે એ હેતુથી ઈ.સ. ૧૯૭૦માં રૂા. ૨૫,૦૦૦/–નું

"હરિ: ૐ આશ્રમ પ્રેરિત મેઘાણી સ્મારક માળા" નામનું દાન-ટ્રસ્ટ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને સોંપ્યું. તેમાંથી બે પુસ્તકો હાલ પ્રગટ થયાં છે.

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત | લેખક |
|---|---|---|---|
| ૧ | મહેંક્યો કસુંબીનો રંગ | — | શ્રી મેઘાણીનાં કાવ્યોનું સંપાદન |
| ૨ | કુંડળિયા જસરાજ હરધોમાણી (ચારણી ભાષાનું વીરરસનું ઐતિહાસિક કથાકાવ્ય) | ૩-૦૦ | શ્રી પુષ્કર ચંદરવાકર |

## ૯ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

### અ હરિ: ૐ આશ્રમ પ્રેરિત રમણલાલ વસંતલાલ દેસાઈ સ્મારક ગુજરાતી વ્યાકરણ ટ્રસ્ટ ઈ.સ. ૧૯૭૪

પૂજ્ય શ્રીમોટાની દાનપ્રવૃત્તિનો ઝીણવટથી અભ્યાસ કરનાર વ્યક્તિને એક પ્રતીતિ જરૂર થશે કે એમને ગુજરાતી ભાષાના વિકાસ માટે અદમ્ય લગની હતી. ગુજરાતી ભાષાની સમૃદ્ધિ માટે જ્ઞાન-ગંગોત્રીથી માંડી જ્ઞાનકોશ અને વ્યાકરણ, વ્યુત્પત્તિશાસ્ત્ર સુધી એમની નજર દોડી અને એ અંગે સાહિત્યિક પ્રયાસ કરી ઉદાર હાથે દાન આપ્યું. એવું જ ગુજરાતી વ્યાકરણ માટે થયું. ગુજરાતીમાં સ્વ. શ્રી કમળાશંકર ત્રિવેદીના વ્યાકરણ પછી કોઈ પ્રમાણભૂત વ્યાકરણ ઉપલબ્ધ નથી. ગુજરાતી ભાષાનું એક અદ્યતન વ્યાકરણ રચાવવાની એમની પ્રબળ ઇચ્છા હતી. ભાષાવિજ્ઞાનના જે નૂતન અભિગમો વિશ્વભરમાં વિકસ્યા છે અને વ્યાકરણશાસ્ત્રનો જે વિકાસ થયો છે તેનો આપણા વ્યાકરણના વિકાસની પશ્ચાદ્ભૂમિકા સાથે સમન્વય કરી એક અચ્છું ગુજરાતી વ્યાકરણ તૈયાર કરાવવાની પૂ. મોટાની નેમ હતી. એટલે એમણે રૂા. ૧૨,૦૦૦/-નું દાન ઈ.સ. ૧૯૭૪માં ગુજરાત યુનિવર્સિટીને આપ્યું. આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવનાર શ્રી પ્રબોધ પંડિતના માર્ગદર્શન હેઠળ અને શ્રી કે. કા. શાસ્ત્રીની અને શ્રી અનંતરાય રાવળની ચકાસણી દ્વારા પંડિત સાહેબના જ શિષ્ય ડૉ. શ્રી યોગેન્દ્ર વ્યાસે એ તૈયાર કર્યું.

આ સ્મારકમાળા સાથે ગુજરાતી સાહિત્યના યુગપ્રવર્તક નવલકથાકાર શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈનું નામ સાંકળવાનું બન્યું છે. એમાં સાહિત્યકાર પ્રત્યેનું સમાજનું ઋણ અદા કરવાની પૂજ્ય મોટાની નેમ છે જ. પરંતુ તે સાથે સાથે એમના શ્રી રમણલાલ દેસાઈ સાથેના અંગત ઘરોબાને કારણે એક વ્યક્તિગત ભાવભરી અંજલિ પણ છે. કાલોલના નાગર કુટુંબોનો નાનપણથી જ ઘનિષ્ઠ પરિચય હોવાને કારણે શ્રી રમણલાલ દેસાઈ સાથે પણ એવો સંબંધ રહેલો અને હરિજન સેવાકાર્યમાં નવસારી આશ્રમે જ્યારે મોટા હતા ત્યારે કપરા કાળ સમયે તે વખતના ત્યાંના ગાયકવાડી રાજ્યના સુબા તરીકે શ્રી રમણભાઈએ એમને સારી મદદ કરેલી અને એમનો ભાર હળવો કરેલો. આથી એમનું નામ જોડ્યું એ સર્વથા ઉચિત બન્યું છે. ગુજરાત યુનિવર્સિટીની સાથે પ્રકાશનના કામમાં પૂજ્ય મોટાના સ્વજન શ્રી વિષ્ણુભાઈ પંડ્યા સાહિત્ય મુદ્રણાલયના સંચાલક તરીકે જોડાયા એ પણ યોગાનુયોગ છે.

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક | કિંમત રૂપિયા |
|---|---|---|---|
| ૧ | ગુજરાતી ભાષાનું વ્યાકરણ | ડૉ. યોગેન્દ્ર ધીરુભાઈ વ્યાસ | ૨૫-૦૦ |

## ૭ હરિ: ૐ આશ્રમ પ્રેરિત વિજ્ઞાન અને યંત્રવિદ્યાકોશ

### ઈ. સ. ૧૯૭૨

યુરોપની ઔદ્યોગિક ક્રાંતિની અસર લાંબે ગાળે પણ ભારતમાં થઈ. અને સ્વતંત્રતા પછીથી ભારતે એમાં હરણફાળ ભરવા માંડી. યંત્રવિદ્યાનો ઠેરઠેર વિકાસ થયો. અધિકતર સંખ્યામાં ભારતીયોએ યંત્રકળાનો વ્યવસાય અપનાવ્યો. એમાં ભારે ઔદ્યોગિક સ્થળોમાં કે નાના સ્તર પર ઘણા આંતરસૂઝ ધરાવનાર મિકેનિકોનાં દર્શન પ્રજાને વારંવાર થવા લાગ્યાં. તે એટલે સુધી કે શિક્ષિત, ઉપાધિ ધરાવનાર એન્જિનિયર પોતે જે કામ ન કરી શકે તે નાનો અનુભવી કર્મચારી આસાનીથી કરી શકે. આ એક સર્વસામાન્ય અનુભવ છે. 'જ્યાં ન

પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ અને જ્યાં ન પહોંચે કવિ ત્યાં પહોંચે અનુભવી!' એ કહેવતની યથાર્થતાની એમાંથી ખાતરી થાય. પરંતુ આવી સર્જક પ્રતિભા ધરાવનાર વ્યક્તિઓને અનુભવનું જ્ઞાન ખરું, પરંતુ તે પાછળ રહેલા વૈજ્ઞાનિક સિદ્ધાંતોનું જ્ઞાન ન હોય એ તદ્દન સ્વાભાવિક છે. કારણ કે એ સિદ્ધાંતો બહુધા અંગ્રેજી ભાષામાં હોય અને તે માટેનું શૈક્ષણિક સ્તર એ મિકેનિકે પ્રાપ્ત કર્યું ન પણ હોય. આથી પૂજ્ય મોટાને સ્ફુર્યું કે એવી વ્યક્તિઓને એવું સૈદ્ધાંતિક જ્ઞાન ઉપલબ્ધ થાય એ માટે મેકગ્રો-હિલના એન્સાઈકલપિડીઆ ઑફ સાયન્સીઝ એન્ડ ટેકનોલૉજી જેવા સંદર્ભગ્રંથો ગુજરાતીમાં થાય તો સારું. કોઈપણ સમાજે ટેકનોલૉજિકલ વૈજ્ઞાનિક વિકાસ સાધવો હોય તો એ સમાજે પોતાના અલ્પશિક્ષિત વા શિક્ષિત બન્ને પ્રકારના પ્રજાજનોને માતૃભાષામાં સમજ જન્મે એવું સાહિત્ય પેદા કરવું જ જોઈએ. જેથી જ્ઞાનવિષયક ભૂખનું શમન ઉત્તમ રીતે થઈ શકે. આથી પૂજ્ય મોટાએ પાંચ લાખ રૂપિયા ગુજરાત યુનિવર્સિટીને ઈ. સ. ૧૯૭૨માં આપ્યા. તેમાંથી સળંગ સર્વવિજ્ઞાન-ટેકનોલૉજીને આવરી લેતી 'વિજ્ઞાન અને યંત્રવિદ્યાકોશ' ની ૧૦ ગ્રંથની કક્કાવારી મુજબની શ્રેણી તૈયાર કરવાની લાંબા ગાળાની યોજના કરી. તેમાંથી ચાર ગ્રંથો પ્રગટ થયા છે.

| ક્રમ | ગ્રંથનું નામ | કિંમત રૂપિયા | ક્રમ | ગ્રંથનું નામ | કિંમત રૂપિયા |
|---|---|---|---|---|---|
| ૧ | આયુર્વિજ્ઞાન | ૫૦-૦૦ | ૩ | ગણિતવિજ્ઞાન | ૫૦-૦૦ |
| ૨ | ભૂગોળ | ૫૦-૦૦ | ૪ | વનસ્પતિવિજ્ઞાન | ૫૦-૦૦ |

## ૬ હરિ: ૐ આશ્રમ પ્રેરિત જ્ઞાનકોશ ઈ.સ. ૧૯૭૫

રાષ્ટ્રના ઉજ્જવળ ભાવિ અને નવી પેઢીના ઘડતરને પોતાના પ્રાણના હરેક શ્વાસોચ્છ્વાસે સ્મરનાર પૂજ્ય શ્રીમોટાનું ગુજરાતી ભાષાને સમૃદ્ધ કરવા માટેનું એક વિરાટ કદમ તે જ્ઞાનકોશ. અંગ્રેજી ભાષામાં સર્વવિષયક અને વિષયવાર જ્ઞાનકોશનું વિપુલ સાહિત્ય છે. લગભગ આપણને અજાણી એવી વિશ્વની અનેક વિકસિત દેશોની પોતાની

ભાષામાં પણ આવું સાહિત્ય છે જ. આપણને ખૂબ પરિચિત એવા તો એન્સાઈક્લિપિડીઆ બ્રિટાનિકા'ના ૩૦ ગ્રંથો છે. દરેક ગ્રંથ હજાર હજાર પાનાંનો છે. આવા ગ્રંથો ગુજરાતીમાં ઊતરે તો કેવું! એવા વિચાર સાથે પૂજ્ય શ્રીમોટાએ ગુજરાત યુનિવર્સિટીને ૧૦ લાખ રૂપિયા ફાળવ્યા. તેમાંથી રૂા. ૯,૧૫,૦૦૦/- તો ઈ. સ. ૧૯૭૫માં ચૂકવી દીધા છે. તેની આશરે ૫ લાખ જેટલી વ્યાજની રકમ તેમાં ઉમેરાયેલી છે. મૂળ યોજના પ્રમાણે દાનની રકમની મર્યાદાને લક્ષમાં લઈ પાંચ વર્ષમાં રોયલ સાઈઝના ૪૦૦-૪૦૦ પાનાંના ૧૦ ગ્રંથો કરવાનું આયોજન થયેલું. પાંચ વર્ષને અંતે પણ સઘન કહેવાય એવું કશું કામ થયું નથી. હરિ: ૐ આશ્રમે એ કામનો તકાજો જારી જ રાખ્યો. અને પાંચ વર્ષ બાદ કશું જ કામ ન થાય તો રકમ પરત કરવાની શરતોનો આધાર લઈ રકમની માગણી કરી. પરંતુ ગુજરાત યુનિવર્સિટીના સનિષ્ઠ કુલપતિ ડૉ. પી. સી. વૈદ્યને ભાવિ પેઢી માટે આ કામની અગત્યતાનો ખ્યાલ હોવાથી એમણે પોતે પોતાના નવા હોદ્દા પર આવવાથી સમય માગ્યો. શ્રી વૈદ્યસાહેબના સંચાલન હેઠળ નિષ્ણાતોની એક સલાહકાર સમિતિએ એક પ્રતિનિધિ મંડળને મહારાષ્ટ્ર રાજ્ય સરકારે વાઈ મુકામે મરાઠી વિશ્વકોશના હાથ ધરેલા કાર્યનો અભ્યાસ કરવા મોકલ્યું. એ પ્રતિનિધિ મંડળે ઊંડો અભ્યાસ કરી વિસ્તૃત હેવાલ આપ્યો. તેને કારણે એક નવીન સુધારેલી યોજના તૈયાર થઈ. જેને કારણે મૂળ પચીસ હજારને બદલે અધિકરણોની સંખ્યા ૪૦ હજાર થાય. મૂળ ૬૬ વિષયોને બદલે ૧૦૦ જેટલા વિષયો થાય. મૅટ્રિક સાઈઝના (મરાઠી વિશ્વકોશ અને બ્રિટાનિકાના કદના) ૧૦૦૦-૧૦૦૦ પાનાંના ૨૦ ગ્રંથો થાય. એને માટે ક્રમશઃ કામ વધતું જતાં શરૂઆતમાં ૭ માણસથી વધારીને ૪૬ માણસોનો સ્ટાફ થાય. જેનો માસિક ખર્ચ ૩૮,૫૦૦ અને વાર્ષિક ખર્ચ ૪,૬૨,૦૦૦/- રૂા. થાય. કુલ ખર્ચ ૮૦ લાખ અંદાજવામાં આવ્યો. તેમાંથી વાર્ષિક પાંચ લાખ લેખે ૧૦ વર્ષના ગાળામાં ૫૦ લાખ રૂપિયા સરકારનું અનુદાન મેળવવું એવું વિચાર્યું. ૧૫ લાખ હરિ: ૐ આશ્રમના અને બાકીના ૧૫ લાખ ગ્રંથોના વેચાણમાંથી મેળવવા. જાન્યુઆરી ૧૯૮૦માં સરકારે તે યોજના

મંજૂર કરી. અને ઠરાવ યુનિવર્સિટિને મોકલ્યો. યુનિવર્સિટિના સત્તામંડળોએ જ્ઞાનકોશ કાર્યાલયમાં સંપાદકો, અધિકરણ લેખકો વગેરેની ભરતી કરવા વિચારણા ચલાવવા માંડી. સરકારને પ્રથમ વર્ષના ખર્ચનો અંદાજ પણ મોકલ્યો. એટલામાં ગવર્નરરાજ્ય આવતાં ગ્રાન્ટ સ્થગિત થઈ. યુનિ. ના સત્તાવાળાઓએ હરિ: ૐ આશ્રમનો સંપર્ક સાધ્યો અને જુલાઈના અંત સુધીની મુદત માગી. આશ્રમે તે સહર્ષ આપી. નવી સરકાર મંજૂરી આપશે અને તેનાં ચક્રો ગતિમાન થયાં છે એવી ખાતરીથી આમ કરવામાં આવ્યું. હાલ જુલાઈ પૂરો થયો છે. કુલપતિશ્રી અમેરિકા ગયા છે. અને આ કામ ખોરંભે પડયું છે. એટલે હરિ: ૐ આશ્રમે જુલાઈ પછીના કોઈપણ ખર્ચને આશ્રમની અનુમતિ મળશે નહિ એવી સ્પષ્ટ જાણ કરી દીધી છે.

હરિ: ૐ આશ્રમ પૈસા લેવા ખાતર લેવા માટે ઉત્સુક નથી. બીજી બાજુ આવાં અનોખાં કામની અગત્યતા પણ પિછાને છે. જો આજે આ કામ ન થઈ શકયું તો આવતાં ૫૦ વર્ષ સુધી બીજી કોઈ પણ સંસ્થા એ હાથ ધરી શકશે કે કેમ તે વિષે શંકા છે. છતાં જયાં સુધી આ નવી યોજનાને નક્કર સ્વરૂપ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી એ રકમ વેડફાવા દેવાનું હરિ: ૐ આશ્રમ મંજૂર રાખશે નહિ. આશા રાખીએ કે નવી સરકાર આ યોજનાને સહર્ષ મંજૂરી આપશે. આખરે તો એ વિશેષ કરીને ગુજરાતી ભાષાના વિકાસ અને સામાન્ય રીતે ગુજરાત રાજ્યના વિકાસ સાથે સંબંધ ધરાવે છે. હરિ: ૐ આશ્રમ પ્રેરિત વ્યાયામવિજ્ઞાનકોશને સરકારે રૂા. બે લાખનું અનુદાન આપ્યું છે, તેવી રીતે આને પણ મળશે એવી શ્રદ્ધા રાખીએ છીએ.

હરિ: ૐ તત્સત્

ॐ

॥ હરિઃ ૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો પ્રભુ શરણચરણ લેજો ! (૨)
પતિત ઉગારી લેજો (૨), કર ગ્રહી ઉર લેજો—ૐ શરણ૦

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો—પ્રભુ૦
મન વાણી ને દિલને (૨), કૃપાથી એક કરો—ૐ શરણ૦

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો—પ્રભુ૦
છો અપમાન થયાં હો (૨), ત્યાંયે ભાવ બઢો—ૐ શરણ૦

નિમ્ન પ્રકારની વૃત્તિ ,ઊર્ધ્વગમન કરવા—પ્રભુ૦
પ્રભુકૃપાથી મથાજો (૨), ચરણશરણ ગ્રહવા—ૐ શરણ૦

મનના સકલ વિકારો, પ્રાણ તણી વૃત્તિ—પ્રભુ૦
બુદ્ધિ તણી સૌ શંકા (૨), ચરણકમળ ગળજો—ૐ શરણ૦
જેવા હોઈએ પ્રભુ, તેવા દેખાવા—પ્રભુ૦

મતિ મુજ ખુલ્લી કરજો (૨), સ્પષ્ટ જ પરખાવા—ૐ શરણ૦

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું—પ્રભુ૦
કદી પણ મુજથી ન બનજો (૨), એવી મતિ દેજો—ૐ શરણ૦

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો—પ્રભુ૦
ગુણ ને ભાવની ભક્તિ (૨), દિલ મુજ સંચરજો—ૐ શરણ૦

મન-મતિ-પ્રાણ પ્રભુ, તુજ ભાવ મહીં ગળજો—પ્રભુ૦
દિલમાં તુજ ભક્તિની (૨), છોળો ઊછળજો—ૐ શરણ૦

— શ્રીમોટા

આપણે જે કામ હાથમાં લીધું હોય તથા જે કામ આવી મળ્યું હોય તેમાં ફતેહ ધારો કે ન મળે, તોપણ તે કામ પરત્વેનો ઉત્સાહ હૃદયમાં જીવતો રાખ્યા કરવો. આપણે કામ સાથે ને તેમાં રહેલા અંતર્ગત ભાવ સાથે નિસ્બત છે. કામના પરિણામ સાથે નિસ્બત નથી. કામ કર્યેથી ને કામ કરતા રહેવાથી પરિણામ તો નિશ્ચિત છે. સંકલ્પની શક્તિ ઘણી મોટી છે. આત્મવિશ્વાસ પ્રગટ્યા વિના સંકલ્પમાં શક્તિ જીવતી થઈ શકતી નથી. માટે જે કામ હાથમાં લઈએ તે સંપૂર્ણ આત્મવિશ્વાસ દૃઢાવીને લઈએ, અને પૂરું કરીને જ જંપીએ.

× × × ×

કર્મનો પ્રતાપ, પ્રભાવ ને તેની અસર કંઈ માત્ર વ્યક્તિગત નથી હોતી; સમષ્ટિગત પણ હોય છે. જગતમાં આપણે એકલાં હોવા છતાં અનંત સાથે સંકળાયેલાં જ છીએ. વિચાર, વૃત્તિ, ઊર્મિ, લહરિ, ભાવના ને ભાવ વડે બધાંય સાથે મળતાં કે ભળતાં હોઈએ છીએ ને એકબીજાની અસરમાં જાણેઅજાણે આવ્યાં જ કરતાં હોઈએ છીએ.

— શ્રીમોટા

('જીવનપરાગ'માંથી)